લેખિકા

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની
શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા
સા. જયદર્શિતાશ્રીજી

પ્રકાશક

શ્રી શત્રુંજય એકેડમી
શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,
ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

તીર્થંકરની ઝાંખી કરાવતાં

# પૂજ્ય ગુરુદેવ !

સૌજન્ય

સ્વ. મા. કસ્તુરીબેન રામજી ખોના
(નલીયા તીર્થ) ઘાટકોપર
તથા
સ્વ. દાદીમા લીલબાઇ માણેકજી પોલડીયા અને
સ્વ. પિતાશ્રી નવીનચંદ માણેકજી પોલડીયા (બાયઠ) - હુબલી
ની સ્મૃતિમાં

હ : ચિ. નિશ્ચય હરીશ ખોના
(નલીયા તીર્થ) ઘાટકોપર

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના
સુવર્ણ વરસીતપ નિમિત્તે પ્રકાશિત

તીર્થંકરની ઝાંખી કરાવતાં

# પૂજ્ય ગુરુદેવ !


લેખિકા
તપસ્વીરત્નના આજ્ઞાનુવર્તીની
શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા
સા. જયદર્શિતાશ્રીજી

સંપાદિકા
તપસ્વીરત્નના આજ્ઞાનુવર્તીની
શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
પ્રશિષ્યા સા. હિમાંશુશ્રીજી



પ્રકાશન :
વૈશાખ સુદ ૩ (અક્ષય તૃતીયા)
વિ. સં. ૨૦૭૩

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી શત્રુંજય એકેડમી
શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,
ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

શ્રી હરીશ રામજી ખોના
અનંતછાયા, ૬૦ફીટ રોડ,
ઘાટકોપર. (ઈસ્ટ)

# નત મસ્તકે
# સમર્પણ

ગુરુ સાનિધ્યે...

ગુરુ પચ્ચક્ખાણે તપના બીજ વવાયા.
વરસીતપનો પ્રારંભ કર્યો
આજે સુવર્ણ વરસીતપ મહોત્સવ મંડાયો.
શાસન - ગચ્છમાં વરસીતપ છવાઇ ગયું.
આપશ્રીની કૃપાએ કમાલ કરી નાંખી.
અચલગચ્છના આંગણે
દોઢસોથી વધુ સાધુ - સાધ્વીજી ભગવંત
ત્રણ હજારથી વધુ શ્રાવક - શ્રાવિકા
આપશ્રીની તપ અનુમોદનામાં જોડાયા.
આપની આરાધના તપ-પ્રભાવના બની.
આપશ્રી તપ પ્રભાવક સૂરિવર બન્યા.
આપની તપ અનુમોદનામાં શબ્દો ટૂંકા પડે છે.
મા સરસ્વતી ઝાંખા પડે છે.

તપ અનુમોદનાર્થે
પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના
હસ્ત કમલમાં
નત મસ્તકે
સમર્પણ...

**લી. મુક્તિ પરીવાર**



# પધારો ગુરુદેવ....

દર્શનની છડી...

જ્ઞાનની મશાલ...

ચારિત્રના જામા...

તપની માળા...

આજુથી બાજુથી... નજર રાખો મહેરબાન...

પંચ મહાવ્રત ધારી... અષ્ટ પ્રવચનમાતા આરાધક...

છત્રીસ ગુણાલંકૃત... તપસ્વી સમ્રાટ્...

જિન શાસન શિરતાજ... વરીષ્ઠ આચાર્ય..

સુવર્ણ વરસીતપારાધક... અચલગચ્છાધિપતિ...

પ.પૂ.આ.ભ. શ્રી

**ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને**

ઘણી ખમ્મા... ઘણી ખમ્મા... ઘણી ખમ્મા...

લિ.

નિશ્ચય

# ગુરુદેવ ચરણે અભ્યર્થના...

ભાગ્ય જાગ્યા ગુરુ ભગવંત મળ્યા...
આપશ્રીના સાનિધ્યે અમારી દશા અને દિશા બદલાયી...
આપશ્રીના સંગે ધર્મ રંગે રંગાયા...
જીવન બાગમાં
દાન... શીલ... તપ... ભાવના પુષ્પો ખીલ્યા...
આપશ્રીના આશીર્વાદથી વરસીતપનો યજ્ઞ મંડાયો...
આજે ૧૦ મા વરસીતપની આરાધના નિર્વિઘ્ને ચાલે છે...
આ સર્વ આરાધનાઓનું ફળ આપના ચરણે સમર્પિત...
આપશ્રીની પરમ કૃપાએ
સર્વત્ર મંગલ મંગલ વર્તાઈ રહ્યું છે.
આપની અમી દષ્ટિ સદા
અમારું કલ્યાણ કરે
એ જ અભ્યર્થના.



સુવર્ણ વરસીતપ
મહોત્સવે
કોટી કોટી વંદના...

આપશ્રીના કૃપાકાંક્ષી
સુશ્રાવક હરીશ રામજી ખોના તથા
સૌ. મનીષા હરીશ ખોનાની
કોટી કોટી વંદના...

# પૂજ્ય ગુરુદેવ !

સં. ૨૦૭૨ ફાગણ વદિ આઠમ...
પ્રાતઃ સ્મરણીય... અનંત ઉપકારી...

ગુરૂદેવના પચાસમા સૂવર્ણ વરસીતપમાં પ્રવેશની પુનિત પાવન ક્ષણો...ગિરીરાજના સર્વ જિનાલયોના અઢાર અભિષેકની પુણ્યવંતી ઐતિહાસિક પળો... ઉમટેલું માનવ મહેરામણ... પચ્ચક્ખાણ લેવા - વાસક્ષેપ લેવા લાગેલી લાંબી લાઇનો... ગુરૂદેવના પચાસમા વરસીતપની અનુમોદનાની મળેલી ભાગ્યવંતી પળોને સાધી લેવાની અલૌકિક ભાવના... ઘણા બધા પામી ગયા...

મારા જેવા અભાગીયા... કમનસીબી રહી ગયા... અંતરમાં એના માટેનો તીવ્ર પશ્ચાતાપ હતો. શું કરવું સમજાતું ન હતું. શાસ્ત્રોએ તો ''**तित्थयरसमो सूरि**'' કહીને આચાર્ય ભગવંતને તીર્થંકર સમાન કહ્યા છે. પરંતુ એમના અલ્પ પણ સાનિધ્યે જેમનામાં **તીર્થંકરના આત્મા**ના દર્શન થયા છે. જાણે આ વરસીતપની હારમાળાથી તેઓ શ્રી તીર્થંકરનામ કર્મની નિકાચના કરી રહ્યા હોય એવો ભાસ થાય છે. એવા પરમ આત્મા માટે હું કશું જ ન કરી શકું ? એ મારી કેવી પામરતા છે.

એક ઝબકારો થયો... અંતરમાં પ્રકાશ થયો જાણે કોઇ મને કહે છે **તપની અનુમોદના તપથી ન થાય તો જ્ઞાનથી પણ થઇ શકે છે.** બસ એ જ પળે સંકલ્પ કર્યો મારે ગુરુદેવના ૫૦ મા વરસીતપે પચાસ પુસ્તકો પ્રકાશિત કરવા છે. ગુરુદેવની કૃપા અને આશીર્વાદથી આ સંકલ્પ પૂર્ણતાને આરે છે.

પૂજ્ય ગુરૂદેવના જીવનને મેં જે રીતે જાણ્યું અને માણ્યું છે એની સ્મૃતિઓને વાગોળતા અકલ્પનીય આનંદ અનુભવ્યો છે... એનું આલેખન સહુની સમક્ષ **૪૫ માં પુષ્પ** તરીકે પ્રકાશિત કરતાં હર્ષ અનુભવીએ છીએ.

આ પ્રકાશનનો લાભ લેનાર પરિવારની હાર્દિક અનુમોદના.

''**પૂજ્ય ગુરુદેવ**''ના પ્રકાશનમાં મારી ક્યાંય કોઇ ક્ષતિ રહી ગઇ હોય... ગુરુદેવના અમુલ્ય જીવનને શબ્દ દેહ આપવામાં ક્યાંય ભૂલ રહી ગઇ હોય તો ત્રિવિધે - ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

સા. જયદર્શિતાશ્રીજી



# વંદન કરૂં ગુણોદયસાગરસૂરિને

અચલગચ્છે દિપતા, ગુરૂ શ્રી ગૌતમસાગરા ;
તસ પાટ પર બિરાજતા, શ્રી ગુણસાગરસૂરીશ્વરા.
તેમના સુશિષ્ય પટ્ટધર, તેજસ્વી કલ્પતરૂવરા;
વંદન કરૂં ગુરુ ગુણોદયસૂરિને, આપજો **આશિષ મને...૧**
કચ્છ કોટડા ગામના છે, રતન એ મહામોંઘેરા;
ગુરૂ ચરણે જીવન સમર્પિ, બન્યા છે જિન અણગારા.
ગુરૂને વસાવ્યા હૃદયમાંને, ગુરૂના હૃદયમાં જે વસ્યા;
વંદન કરૂં ગુરુ ગુણોદયસૂરિને, આપજો **આશિષ મને...૨**
દીક્ષા લઈને કરી રહ્યા જે, રત્નત્રયીની સાધના,
જ્ઞાન-ધ્યાનને તપ - જપની, દિન-રાત કરે આરાધના,
કર્મો ખપાવી આત્માની, પ્રાપ્ત કરે નિર્મળતા,
વંદન કરૂં ગુરૂ ગુણોદયસૂરિને, આપજો **આશિષ મને...૩**
ગુરુ પ્રેરણા ઝીલી કરી, તપ માર્ગે જીવન વાળતાં;
એક પછી એક વરસીતપની, ધુણી ને ધખાવતાં,
અખંડ પચાસ વરસીતપથી, કર્મ નિકાચિત બાળતાં;
વંદન કરૂં ગુરુ ગુણોદયસૂરિને, આપજો **આશિષ મને...૪**

## ગુરુ કૃપા

ગુરુ કૃપા અંજન
પાયો મેરે ભાઈ
રામ બિના કછુ
દેખત નાહિં
અંદર રામ,
બાહર રામ.
જહાં દેખો વહાં
રામ હી રામ.
જાગત રામ,
સોવત રામ
સપને મેં દેખું,
રામ હી રામ.





ગુરુકૃપા સકળ સાધનાની સફળતા છે.



કોક ગુરુભક્તના અંતરમાંથી
નિકળેલી આ પંક્તિઓ
આપણને
**'ગુરુકૃપા'ની**
અપરંપાર
શક્તિનો પરિચય કરાવે છે...
'ગુરુ-કૃપા'થી આગળ વધતાં
'ગુરુ-કૃપા'ની અનુભૂતિ પણ
કરી શકાય છે.
આજે આપણા જીવનમાં જે કાંઇ છે
તે ''ગુરુ-કૃપા''નો જાદુ અને
ચમત્કાર છે.
''ગુરુ-કૃપા''ની મુડી જેટલી જબરી
હશે તેટલી
**સંયમ સાધના**
મજબૂત બનશે.
'ગુરુ-કૃપા'
અનરાધાર વરસતી રહે...

દર્શન થાતાં આપનું, હર્ષોલ્લાસ જીવો પામતાં;
વંદન કરતાં આપને, ધન્યતા સહુ અનુભવતા,
તપસમ્રાટ્, ઉગ્રવિહારી, ને શાસન કાર્યમાં રાચતાં,
વંદન કરૂં ગુરુ ગુણોદયસૂરિને, આપજો **આશિષ મને...૫**
પરભાવને દૂરે કરી, સ્વભાવમાં છે રમણતા;
મૌની બનીને સર્વદા જે સમતા રસમાં ઝિલતાં,
વાયણાને ચોયણાથી, મુક્તિ માર્ગ દેખાડતાં;
વંદન કરૂં ગુરુ ગુણોદયસૂરિને, આપજો **આશિષ મને...૬**
ગુણના ભંડાર છો ને બાળ અવગુણ ભરેલ છે;
પણ આપના આશિષથી, બેડો અમારો પાર છે,
મુક્તિપુરીમાં જાવાની લગની, **જય** અંતરમાં જાગૃત છે;
વંદન કરૂં ગુરુ ગુણોદયસૂરિને, આપજો **આશિષ મને...૭**
ગુરુદેવ ! નત મસ્તક થઇને, પ્રાર્થના કરીએ આપને,
અમ સમ અજ્ઞાની ઉપરે, વરસાવજો કૃપા વારિને;
સત્સંગ, સંપને સદ્બુદ્ધિથી, સુધારજો આલોક-પરલોકને,
વંદન કરૂં ગુરુ ગુણોદયસૂરિને, આપજો **આશિષ મને...૮**



પરિગ્રહ કદાગ્રહમાંથી મુક્તિ અપાવશે અભિગ્રહ



# કલ્પ વૃક્ષ

વિશિષ્ટ પ્રકારનું વૃક્ષ... પહેલા, બીજા અને
ત્રીજા આરામાં જોવા મળે...
દેવકુરુ-ઉત્તરકુરુમાં સદા સર્વદા જોવા મળે...
યુગલિયાઓના વાંછિત પૂરે...
જે જોઈએ તે આપે... ગુરુદેવ,
આપ એનાથી મહાન છો...
આ ભરતક્ષેત્રમાં પાંચમાં આરામાં
આપ અમને મળ્યા...
અમારો મહાભાગ્યોદય જાગ્યો...
કલિયુગમાં મહાન સત્પુરુષના દર્શન થયા...
કલ્પવૃક્ષની આપેલી વસ્તુઓ
ક્ષણિક સુખ આપે...
શાશ્વત - આત્મસુખ ન આપી શકે...
આપનો ચિંધેલો માર્ગ જ અનોખો છે..
આપની પાસે ઈચ્છા પૂર્તિની કે
ઈચ્છા તૃપ્તિની વાત નથી...
આપની પાસે તો **મૂર્ચ્છામુક્તિ**નો
મહામાર્ગ છે... મારે જોઈએ છે
**પરિગ્રહસંજ્ઞામાંથી કાયમી મુક્તિ...**
સર્વસંગપરિત્યાગ
સાચા અર્થમાં ફલિત થાય...
કૃપા આપની વરસે...
આત્મા પરમાત્મપદ સ્પર્શે...

50TH
સંયમ સુવર્ણ વર્ષીતપ મહોત્સવ

# ભગવાન મહાવીરસ્વામીની પાટપરંપરાને દીપાવનારા પુણ્યાત્માઓ



(૧) શ્રી સુધર્માસ્વામી
(૨) શ્રી જંબુસ્વામી
(૩) શ્રી પ્રભવસ્વામી
(૪) શ્રી શય્યંભવસૂરિ
(૫) શ્રી યશોભદ્રસૂરિ
(૬) શ્રી સંભુતિસૂરિ
(૭) શ્રી ભદ્રબાહુસ્વામી
(૮) શ્રી સ્થુલભદ્રસ્વામી
(૯) શ્રી આર્યસુહસ્તિસૂરિ
(૧૦) આર્ય સુસ્થિતસૂરિ
(૧૧) શ્રી સુપ્રતિબુદ્ધાચાર્ય
(૧૨) શ્રી ઇન્દ્રદિન્નસૂરિ
(૧૩) શ્રી આર્યદિન્નસૂરિ
(૧૪) શ્રી સિંહગિરિસૂરિ
(૧૫) શ્રી વજ્રસૂરિ
(૧૬) શ્રી વજ્રસેનસૂરિ
(૧૭) શ્રી ચંદ્રસૂરિ
(૧૮) શ્રી સમંતભદ્રસૂરિ
(૧૯) શ્રી વૃધ્દ્ધિદેવસૂરિ
(૨૦) શ્રી પ્રદ્યોતનસૂરિ
(૨૧) શ્રી માનદેવસૂરિ
(૨૨) શ્રી માનતુંગસૂરિ
(૨૩) શ્રી વીરસૂરિ
(૨૪) શ્રી જયદેવસૂરિ
(૨૫) શ્રી દેવાનંદસૂરિ
(૨૬) શ્રી વિક્રમસૂરિ
(૨૭) શ્રી નરસિંહસૂરિ
(૨૮) શ્રી સમુદ્રસૂરિ
(૨૯) શ્રી શ્રીમાનદેવસૂરિ
(૩૦) શ્રી વિબુધપ્રભસૂરિ
(૩૧) શ્રી જયાનંદસૂરિ
(૩૨) શ્રી રવિપ્રભસૂરિ
(૩૩) શ્રી યશોદેવસૂરિ
(૩૪) શ્રી વિમલસૂરિ
(૩૫) શ્રી ઉદ્યોતનસૂરિ
(૩૬) શ્રી સર્વદેવસૂરિ
(૩૭) શ્રી પદ્મદેવસૂરિ
(૩૮) શ્રી ઉદયપ્રભસૂરિ
(૩૯) શ્રી પ્રભાનંદસૂરિ
(૪૦) શ્રી ધર્મચંદ્રસૂરિ
(૪૧) શ્રી સુવિનયચંદ્રસૂરિ
(૪૨) શ્રી ગુણસમુદ્રસૂરિ
(૪૩) શ્રી વિજયપ્રભસૂરિ
(૪૪) શ્રી નરચંદ્રસૂરિ
(૪૫) શ્રી વીરચંદ્રસૂરિ
(૪૬) શ્રી જયસિંહસૂરિ
(૪૭) શ્રી આર્યરક્ષિતસૂરિ
(૪૮) શ્રી જયસિંહસૂરિ
(૪૯) શ્રી ધર્મઘોષસૂરિ
(૫૦) શ્રી મહેન્દ્રસિંહસૂરિ
(૫૧) શ્રી સિંહપ્રભસૂરિ
(૫૨) શ્રી અજિતસિંહસૂરિ
(૫૩) શ્રી દેવેન્દ્રસિંહસૂરિ
(૫૪) શ્રી ધર્મપ્રભસૂરિ
(૫૫) શ્રી સિંહતિલકસૂરિ
(૫૬) શ્રી મહેન્દ્રપ્રભસૂરિ
(૫૭) શ્રી મેરૂતુંગસૂરિ
(૫૮) શ્રી જયકિર્તિસૂરિ
(૫૯) શ્રી જયકેસરીસૂરિ
(૬૦) શ્રી સિધ્દ્ધાંતસાગરસૂરિ
(૬૧) શ્રી ભાવસાગરસૂરિ
(૬૨) શ્રી શ્રી ગુણોનિધાનસૂરિ
(૬૩) શ્રી ધર્મમુર્તિસૂરિ
(૬૪) શ્રી કલ્યાણસાગરસૂરિ
(૬૫) શ્રી અમરસાગરસૂરિ
(૬૬) શ્રી વિદ્યાસાગરસૂરિ
(૬૭) શ્રી ઉદયસાગરસૂરિ
(૬૮) શ્રી કિર્તિસાગરસૂરિ
(૬૯) શ્રી પુણ્યસાગરસૂરિ
(૭૦) શ્રી રાજેન્દ્રસાગરસૂરિ
(૭૧) શ્રી મુક્તિસાગરસૂરિ
(૭૨) શ્રી રત્નસાગરસૂરિ
(૭૩) શ્રી વિવેકસાગરસૂરિ
(૭૪) શ્રી જિનેન્દ્રસાગરસૂરિ
(૭૫) શ્રી ગૌતમસાગરજી મ.
(૭૬) શ્રી ગુણસાગરસૂરિ
(૭૭) શ્રી ગુણોદયસાગરસૂરિ

# મતાંગ કલ્પવૃક્ષ

સુંદર ફળો... સુવાસિત ફળો...
મધુર ફળો... સ્નિગ્ધ ફળો...
અવર્ણનીય એનો રસાસ્વાદ... પીતા રહો... પીતા જ રહો...
ન લાગે ભુખ... ન લાગે તરસ...
હે ગુરમૈયા !
આવા રસો તો ભવોભવમાં ઘણીવાર પીધા... પણ તૃપ્તિ ન થઇ...
કદાચ થઇ તો ક્ષણવાર... ફરી એ જ પ્યાસ... એ જ તરસ...
હવે મને જોઇએ છે સમતા રસ...
હવે મને જોઇએ છે ઉપશમ રસ...
ઉપશમરસની સાધના એ જ તો મુક્તિ માર્ગનો અને મુનિજીવનનો
સાધના માર્ગ છે...
બધા રસોનો રાજા છે ઉપશમરસ...
ગુરુ ભગવંત, ભવોભવથી ઉપશમરસની ઉપાસના
કરતાં કરતાં આજે આપના ચરણ મળ્યા... આપશ્રીનું શરણ મળ્યું...
ગુરુશરણ પછી કશું જ અશક્ય નથી...
અસંભવિત નથી... ગુરુકૃપાથી
બધું જ પામી શકાય છે... વરસાવજો કૃપા...
કષાયની આગને દૂર કરીને આત્મામાં
ઉપશમ રસની મહેફીલ માણવાનું સદ્‌ભાગ્ય મળી જાય...





# શ્રી આચાર્યના ૩૬ ગુણ

પંચિંદિય સંવરણો, તહ નવવિહ બંભચેર ગુત્તિધરો,
ચઉવિહ કસાયમુક્કો, ઇઅ અટ્ઠારસ્સ ગુણેહિં સંજુત્તો. ૧
પંચમહવ્વય જુત્તો, પંચ વિહાયાર પાલણ સમત્થો;
પંચસમિઓ તિ ગુત્તો, છત્તીસ ગુણેહિં ગુરૂ મજ્ઝ. ૨

(૧) સ્પર્શનેન્દ્રિય વિષય ત્યાગ
(૨) રસનેન્દ્રિય વિષય ત્યાગ
(૩) ઘ્રાણેન્દ્રિય વિષય ત્યાગ
(૪) ચક્ષુરિન્દ્રિય વિષય ત્યાગ
(૫) શ્રોત્રેન્દ્રિય વિષય ત્યાગ
(૬) પશુપંડગાદિરહિત વસતી વસન બ્રહ્મગુપ્તિ
(૭) સ્ત્રી હાસ્યાદિ વિકથા વર્જન બ્રહ્મગુપ્તિ
(૮) સ્ત્રી આસન વર્જન બ્રહ્મગુપ્તિ
(૯) સ્ત્રી અંગોપાંગ નિરીક્ષણ વર્જન બ્રહ્મગુપ્તિ
(૧૦) કુડયંતર સહિત સ્ત્રી હાવભાવ શ્રવણ વર્જન બ્રહ્મગુપ્તિ
(૧૧) પૂર્વ સ્ત્રી સંભોગ ચિંતન વર્જન બ્રહ્મગુપ્તિ
(૧૨) અતિ સરસ્સ આહાર વર્જન બ્રહ્મગુપ્તિ
(૧૩) અતિ આહાર કરણ વર્જન બ્રહ્મગુપ્તિ
(૧૪) અંગ વિભૂષા વર્જન બ્રહ્મગુપ્તિ
(૧૫) ક્રોધ નિગ્રહકરણ
(૧૬) માન નિગ્રહકરણ
(૧૭) માયા નિગ્રહકરણ
(૧૮) લોભ નિગ્રહકરણ
(૧૯) સર્વથા પ્રાણાતિપાત વિરમણ વ્રત
(૨૦) સર્વથા મૃષાવાદ વિરમણ વ્રત
(૨૧) સર્વથા અદત્તાદાન વિરમણ વ્રત
(૨૨) સર્વથા મૈથુન વિરમણ વ્રત
(૨૩) સર્વથા પરિગ્રહ વિરમણ વ્રત
(૨૪) જ્ઞાનાચાર પાલન
(૨૫) દર્શનાચાર પાલન
(૨૬) ચારિત્રચાર પાલન
(૨૭) તપાચાર પાલન
(૨૮) વીર્યાચાર પાલન
(૨૯) ઈર્યા સમિતિ પાલન
(૩૦) ભાષા સમિતિ પાલન
(૩૧) એષણા સમિતિ પાલન
(૩૨) આદાનભંડમતનિક્ષેપણા સમિતિ પાલન
(૩૩) ઉચ્ચાર પાસવણ ખેલ સંઘાણજલ પારિઠાવણીયા સમિતિ પાલન
(૩૪) મન ગુપ્તિ સહિત
(૩૫) વચન ગુપ્તિ સહિત અને
(૩૬) કાય ગુપ્તિ સહિત.

ગુણોના બાગમાં વસંત વ્રતોની આવશે...
તો પુષ્પોની સુવાસ ચોમેર ફેલાશે....



# ભૃતાંગ કલ્પવૃક્ષ



યુગલિયાઓ યાચના કરે અને આ કલ્પવૃક્ષો
એમને વિવિધ પ્રકારના પાત્રો આપે...
કળશ આપે... થાળી આપે...
વાટકા આપે... લોટા આપે...
જુદા જુદા આકાર... જુદા જુદા પ્રકાર...
સુવર્ણના બનેલા... સુંદર કારીગરી...
નક્ષીકામથી યુક્ત...
જોવામાં મનોહર... ગમી જાય એવા...
આવા અનેકવિધ પાત્રો ભવોભવમાં
મેં વાપર્યા હશે... પણ ગુરુદેવ !
આ ભવમાં આપે મારા ઉપર મહાન ઉપકાર કર્યો...
આપે મને અનંત લબ્ધિ ભંડાર
શ્રી ગૌતમસ્વામીના પાત્ર આપ્યા... પણ ગુરુદેવ !
પાત્રતા વિના પાત્ર ગમે તેટલું મહાન-સુંદર-આકર્ષક
હોય તો પણ ફળદાયી બનતું નથી...
પાત્રની સફળતા પાત્રતા વિના સંભવિત નથી...







**ગુરુ ભગવંત !**

હવે એવી કાંઈક જડીબુટ્ટી આપો...
જેથી પાત્રતાનો વિકાસ થાય...
પરમાત્મ શાસનના મળી ગયેલા સંયમ જીવનને સુંદર
સાધનાથી મઘમઘતું બનાવી આત્મકલ્યાણ
સાધી શકાય... આત્મધનને પ્રમાદ લુંટી ન જાય એવી
જાગૃત સાધના દશાના સ્વામી બનાવો...
આપશ્રીના આશીર્વાદની મુડી જ મને ઈચ્છિત
સફળતા આપશે...









# આચાર્ય પદનું ધ્યાન

પંચાચારનું પાલન કરનારા અને કરાવનારા, જિનેશ્વર ભગવંતના શાસનનનો જગતમાં વિસ્તાર કરનારા, છત્રીસ ગુણોના ભંડાર, આચાર્ય ભગવંતોની આરાધના આપણે કરવાની છે. આચાર્ય ભગવંતોની આરાધના કરવાથી આચાર પાલનનું બળ આપણને પ્રાપ્ત થાય છે.

**પ્રયોગ :-**

સર્વ આચાર્યોના પ્રતિનિધિ ગૌતમ ગણધર ભગવંત આપણી સમક્ષ બિરાજમાન છે.

પીળા વર્ણવાળા (સોના જેવા વર્ણવાળા) ગૌતમ મહારાજાનું ધ્યાન કરવું.

ગૌતમ મહારાજામાંથી પીળા વર્ણનો પ્રકાશ નીકળે છે... (આવું દ્રશ્ય જોવું.)

તે પ્રકાશને આપણે અંતરાત્મામાં ઝીલીએ છીએ...

તે પ્રકાશ આપણા આખા શરીરમાં અને આત્મપ્રદેશોમાં ફેલાય છે...

તેમાંથી આપણને આચાર પાલનનું બળ પ્રાપ્ત થઈ રહ્યું છે.. તેવો સંકલ્પ કરવો. આચાર્યપદનો મંત્ર **''ૐ હ્રીં નમો આયરિયાણં''**નો જાપ ઉપરના દ્રશ્યના દર્શન અને સંવેદન પૂર્વક કરવો.

આવું ધ્યાન થોડો સમય અનુકુળતા મુજબ કરવું. આ પ્રયોગથી આચાર પાલનનું બળ પ્રાપ્ત થાય છે.

(સાલંબન ધ્યાનના પ્રયોગો - સંઘવી બાબુભાઈ ગિરધરલાલ કડીવાળા) પુસ્તકમાંથી સાભાર)

આવી જ રીતે સુવર્ણવરસીતપારાધક સૂરીશ્વરજીનું ધ્યાન ફળદાયી બને છે એ અનુભૂત સત્ય છે.

# તુટિતાંગ કલ્પવૃક્ષ



કેવી કેવી સંગીત પાર્ટીઓ આવી...
કેવા સુરીલા સંગીત રેલાવી ગઇ...
તબલાનો તાલ... પેટીની સરગમ...
બંસરીના સૂર... વીણાનો નાદ...
મીઠું-મધુર સંગીત...
એનાથી અદ્ભૂત - અપૂર્વ છે તુટિતાંગ કલ્પવૃક્ષની દેન...
એના ફળોના આકાર જ વિવિધ વાજિંત્રો જેવા હોય છે.
યુગલિકો માંગે... હાજર થઇ જાય...
આ વાજિંત્રોનું સંગીત ભાન ભુલાવે...
વ્યક્તિને ડોલાવે... એવા આકર્ષક હોય છે...
આ તો થઇ લૌકિક દુનિયાની વાત...
એનાથી સદંતર જુદી છે અલૌકિક વિશ્વની વાતો...
જિનવાણીનું અમૃત... માલકોષના રાગનો જાદુ...
આ જિનવાણી જ્યારે ગુરુમુખે
સાંભળવા મળે ત્યારે બેડો પાર થઇ જાય...
અંધકાર હટાવે... મોહને ભગાડે... માયાને દૂર કરે... જડતાને કાપે...
દિવ્ય વાણી......અલૌકિક વાણી...
હૃદયમાં પવિત્રભાવો જગાડનારી...
**मंत्र मूलं गुरुवाक्यं ।**
આપની વાણી...
અમારા માટે મંત્ર સમાન છે...
ગુરુ મંત્ર મળે... જીવન ફળે...
જીવન ધન્ય ધન્ય બની જાય...









# નમો આયરિયાણં

**न** એટલે નથી તેઓમાં તમો - ગુણ, નથી રજો ગુણ, નથી બાહ્ય મુખ વાળો સત્વ ગુણ અને નથી માનસિક, વાચિક કે કાયિક કષ્ટ તેઓને કે જેઓએ આચાર્યના ચરણોને સેવ્યા છે...

**मो** એટલે મોહના પાશ વડે બંધાયેલા પ્રાણીઓને પણ આચાર્ય ભગવાન કેશિગણધરની જેમ મોહથી છોડાવે છે એ મોટું આશ્ચર્ય છે.

**आ** એટલે આચારો જેમના સુંદર છે. જેમના આગમો (શાસ્ત્રો) મોક્ષ મેળવી આપનારા છે. અને જેમના લાભના ઉપાયો નુકસાન વિનાના છે. તેમને ડાહ્યા માણસો આચાર્ય કહે છે.

**य** એટલે યથાસ્થિત અર્થની પ્રરૂપણા કરનારા, યમ-નિયમાદિના પાલનમાં યત્ન કરનારા અને આત્મરૂપી યજ્ઞનું યજન-પૂજન કરનારા એવા આચાર્ય ભગવાન મને સદા શરણરૂપ હો.

**रि** એટલે રિપુ-શત્રુ કે મિત્ર, સુખ કે દુઃખ, દુર્જન કે સજ્જન, મોક્ષ કે સંસાર, તથા ધનાઢ્ય કે દરિદ્રીને વિષે સંયમીઓના સ્વામી આચાર્ય અત્યંત સમદ્રષ્ટિવાળા હોય છે.

**या** એટલે જે કોઇ પવિત્ર સિદ્ધિ છે અને જે કોઇ ઉજ્જવળ લબ્ધિ છે તે સર્વ, જેમ ભમરી કમળને વરે તેમ આચાર્યને સ્વયં વરે છે.

**णं** આ અક્ષર ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાળો છે. એ એમ બતાવે છે કે ત્રિવર્ગમાં સમતાવાળા પુરૂષો જ સજ્જનોમાં શિરોમણિ બને છે. ધર્મ - અર્થ અને કામ અથવા મિત્ર, શત્રુ અને ઉદાસીન અથવા રાગ, દ્વેષ અને મોહને ત્રિવર્ગ કહેવાય છે.

જીવાદિ સાત તત્વરૂપ કમળના વનને વિકસિત કરવામાં સૂર્યના કિરણ જેવા આ '**नमो आयरियाणं**' ત્રીજા પદના સાત અક્ષરો સાત પૃથ્વીના (સાત નરકના) દુઃખોનો નાશ કરો.' (શ્રી સિદ્ધસેનસૂરિ પ્રણીત 'શ્રી નમસ્કાર માહાત્મ્ય') ત્રીજા પ્રકાશનમાંથી સાભાર.



# જ્યોતિરંગ કલ્પવૃક્ષ




દિવસે સર્વત્ર સૂર્યનો પ્રકાશ હોય છે...
રાતે અંધકારનું સામ્રાજ્ય હોય છે...
રાતના અંધકારમાં પ્રકાશ આપવાનું કાર્ય કરે એવા
અનેક સાધનો આજની દુનિયામાં છે...
ફાનસ... કંદીલ... બલ્બ... ટ્યુબલાઇટ...
મરક્યુરી લાઇટ વિગેરે...
આપણાથી બડભાગી છે યુગલિયા...
જેમની પાસે છે જ્યોતિરંગ કલ્પવૃક્ષ..
જેના ફળો સૂર્ય સમાન પ્રકાશ રેલાવે છે...
નથી એમાં તાપ... નથી ઉગ્રતા...
સૌમ્ય... શાંત... નયનોને શાતાકારી પ્રકાશ...
**ગુરુદેવ !** આવું તો ઘણીવાર મળ્યું..
પણ આપશ્રીના સત્સંગે સંસારમાં
ભયંકર અંધકારના દર્શન થયા...
જેના કારણે દુઃખ-દારિદ્રય મળ્યા... તાપ-સંતાપ મળ્યા...
ભયાનક દુર્ગતિઓ લમણે ઝિંકાણી...
આપ જ મારા જીવનના સૂર્ય છો...
મારા અજ્ઞાનરૂપી અંધકારના નાશક છો...
પેલો સૂર્ય તો દિવસે જ ઉગે... પણ ગુરુદેવ રૂપી સૂર્ય !
સદા - સર્વદા પ્રકાશિત જ છે...
સંસાર ભલે અંધકાર ભરેલો રહે...
આપ મારા જીવનમાં પ્રકાશ પાથરજો..
મોહતિમિર હટાવજો.. કષાયોથી બચાજો...
વિષયોથી વિરામ પમાડજો...
જિનેશ્વર પ્રકાશિત મોક્ષમાર્ગે આગળ ધપાવજો...




# આચાર્ય ભગવંત

''નમો આયરિયાણં'' એટલે આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ. આચાર્ય એટલે પંચાચારને પોતે ઉત્કૃષ્ટ પણે પાળે છે... બીજા પાસે પળાવે છે... પાળતાની અનુમોદના કરે છે... અને જે ન પાળતા હોય તેમને શિક્ષા કરે છે.

''આ'' એટલે મર્યાદાપૂર્વક અને ''ચર'' એટલે ચાલવું. મર્યાદાપૂર્વક ચાલનારા સાધુઓથી જે જિનશાસનના મહાન કાર્ય ન થઇ શકે તે આચાર્ય ભગવંત કરી શકે છે.

**આચાર્ય ભગવંત ચાર પ્રકારે છે -**

(૧) ગણધર ભગવંતો (૨) યુગપ્રધાન (૩) શાસન પ્રભાવકો અને (૪) પાટપરંપરાના આચાર્યો.

તીર્થંકર પરમાત્માના મુખ્ય શિષ્યો ગણધર કહેવાય છે. ગણને તથા ગુણને ધારણ કરે તે ગણધર એવો પણ અર્થ થાય છે.

તે તે કાળને વિશે વિશિષ્ટ જ્ઞાનાદિ સહિત શાસનનો ઉદ્યોત કરનારા... સર્વમાન્ય આચાર્ય ભગવંતોને યુગપ્રધાન કહે છે.

વિશ્વમાં ધર્મના મહાન કાર્યો કરીને જિન શાસનની પ્રભાવના અને જયજયકાર કરાવનાર આચાર્ય ભગવંતો શાસન પ્રભાવક કહેવાય છે. જિન શાસનમાં આઠ પ્રકારના પ્રભાવક પ્રસિદ્ધ છે.

આચાર્ય ભગવંત પછી એમના શિષ્યને એ પદવી આપવામાં આવે તે પાટપરંપરાના આચાર્ય ભગવંત છે.

આ સર્વ આચાર્ય ભગવંતોની નામથી આરાધના તે **''નામ નિક્ષેપ''**

આચાર્ય ભગવંતની મૂર્તિ અને એની આરાધના તે **''સ્થાપના નિક્ષેપ''**

**''દ્રવ્ય નિક્ષેપ''માં આચાર્ય ભગવંતના બે પ્રકાર છે -**

(૧) આગમથી આચાર્ય અને (૨) નોઆગમથી આચાર્ય.



અનુસંધાન પેજ ૧૪ પર



# દીપાંગ કલ્પવૃક્ષ

કલ્પવૃક્ષ, જેના ફળો જ દીપક જેવા હોય...
જ્યાં જ્યોતિરંગ કલ્પવૃક્ષ ન હોય ત્યાં દીપાંગના ફળો પ્રકાશ રેલાવે છે...
જેવી રીતે ભોયરામાં, ગુફામાં જ્યાં સૂર્યના કિરણો ન પહોંચી શકે, ત્યાં
દીપક પ્રકાશ પાથરે છે...

બસ !

એવી જ રીતે જે કાળમાં જિનેશ્વર પરમાત્માનો વિરહ હોય
તે કાળમાં આચાર્ય ભગવંત એમનું કાર્ય કરતા હોય છે...
જિનેશ્વર પરમાત્મા જો સૂર્ય છે... તો આચાર્ય ભગવંત દીપક છે...
ગુરુદેવ ! પધારો... મારા અંતરના અવાવરૂ પડેલા ઓરડામાં
દીપક બનીને આવો... અનાદિના અંધકારને દૂર કરી
મારા અંતરને અજવાળો...





પેજ નં. ૧૨ પરથી શરૂ

**નો આગમના આચાર્યના ત્રણ પ્રકાર છે.**

(૧) જ્ઞશરીર (૨) ભવ્ય શરીર અને (૩) તદ્વ્યતિરેક.

જે આચાર્ય ભગવંત દેવલોકમાં ગયા હોય તેમનું પાછળ રહેલું શરીર તે જ્ઞશરીર.

હાલમાં જે બાળ અવસ્થામાં છે પણ ભવિષ્યમાં જે આચાર્ય થશે તે ભવ્ય શરીર.

કોઇ પણ પ્રકારના આચાર્ય ભગવંતનો સમાવેશ તદ્વ્યતિરેકમાં થાય છે.

**આગમથી આચાર્ય ભગવંત બે પ્રકારના છે.** (૧) દ્રવ્યથી અને (૨) ભાવથી.

**આચાર્ય પદવી પામીને પછી પ્રમાદવશ થઇને શિથીલ થાય, તે દ્રવ્યથી આચાર્ય.**

આ બધા દ્રવ્ય નિક્ષેપાથી આચાર્ય જાણવા.

''ભાવ નિક્ષેપ'' માં આગમથી જે આચાર્ય ભગવંત, આચાર્ય પદવી પામીને અપ્રમાદિ થઇને બરાબર આચાર્યપણું પાળે તે.

આચાર્ય ભગવંતના સામાન્યથી છત્રીસ ગુણ કહેવાય છે, પણ વિશેષથી છત્રીસ છત્રીશીઓ સહિત હોય છે. એટલે છત્રીસને છત્રીસથી ગુણાકાર કરતાં બારસોને છન્નું ગુણો આચાર્યના થાય છે.

જેમ કોઇ રાજા શત્રુને જીતીને આવે ત્યારે સિંહ સમાન ગણાય છે, તેમ શાસનને માટે કાંઇ પણ દુષ્કર કાર્ય હોય તો પણ આચાર્ય ભગવંત કરી શકે છે માટે કેસરી સિંહ સમાન છે. તેથી તેમનો વર્ણ પીળો છે.



પુણ્ય વિના સુખ નથી...
ધર્મ વિના પુણ્ય નથી...
તેથી ધર્મે કરી સુખ સાધો.



# ચિત્રાંગ કલ્પવૃક્ષ

કલ્પવૃક્ષ જેના ફળો પુષ્પમાળા સ્વરૂપ હોય છે...
યુગલિયા માગે... મળી જાય...
પુષ્પની માળા પહેરવી... માન-સન્માન પામવા...
આ તો કષાય પોષણની વાત થઇ...
આવી તો ઘણી માળાઓ પહેરી પણ મારો ઉદ્ધાર ન થયો...
મને તો લગની લાગી છે મુક્તિની વરમાળા પહેરવાની...
સદ્ગુરુ વિના માર્ગ કોણ બતાવે ?
મુક્તિનગરી.. મુક્તિ મહેલ અને મુક્તિ સુંદરી સુધી કોણ પહોંચાડે ?
**ગુરુદેવ !** આજે મંદિરીયે શ્રીમતીદેવી પધાર્યા છે...
ઝેરીલા સર્પને નવકાર મહામંત્રની
પરમ ઉપાસિકાએ પુષ્પમાળામાં પરિવર્તીત કર્યો...
ક્યારે આવશે મારા જીવનમાં આવી મંગલ પ્રભાત ?
નવકાર મારું જીવન બનશે...
તનમાં નવકાર... વચનમાં નવકાર...
મનમાં નવકાર... શ્વાસ અને ઉચ્છવાસમાં નવકાર...
લોહીના પ્રત્યેક બુંદમાં નવકાર...
નવકાર મય જીવનની આશ
ગુરુ આશિષ વિના શક્ય નથી.





# ટુંક - પરિચય

**શ્રી સંઘ શિરછત્ર, સુવર્ણ વરસીતપારાધક, અચલગચ્છાધિપતિ - તપસ્વીરત્ન**

## પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

સંસારી નામ :- ગોવિંદકુમાર
માતાજીનું નામ :- સુંદરબાઇ
પિતાજીનું નામ :- ગણશીભાઇ
ભાઈઓના નામ :- ખીમજીભાઇ, વીરજીભાઇ, શિવજીભાઇ, દામજીભાઇ, લખમશીભાઇ.
બેનનું નામ :- કુંવરબાઇ
જન્મ ભૂમિ :- કચ્છ કોટડા
જન્મ દિવસ :- ભાદરવા સુદ પુનમ સં. ૧૯૮૮ (૧૪ સપ્ટેમ્બર ૧૯૩૨)
દીક્ષા દિવસ :- માગસર સુદ ૧૦ સં. ૨૦૧૪
દીક્ષા સ્થળ :- લાલબાગ (મુંબઇ)
દીક્ષા ગુરૂ :- ભારત દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
વડી દીક્ષા :- પોષ વદ ૧૧
વડી દીક્ષા સ્થળ :- લાલ બાગ

ઉપાધ્યાય પદ ભૂમિ :- ભૂજ
ઉપાધ્યાય પદ :- મહા વદ ૩ સં. ૨૦૩૨
ઉપાધ્યાય પદ દાતા ગુરૂ :- રાષ્ટ્રસંત પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
આચાર્ય પદ ભૂમિ :- મકડા
આચાર્ય પદ :- વૈશાખ સુદ ૩ સં.૨૦૩૩
આચાર્ય પદ દાતા :- શાસન સમ્રાટ્ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
ગચ્છ સૂકાન :- આસો સુદ ૨ સં.૨૦૪૪ (૭૨ જિનાલય તીર્થ)
ગચ્છાધિપતિ પદ :- વૈશાખ સુદ ૩ સં. ૨૦૫૦ (૭૨ જિનાલય તીર્થ)
સ્વ હસ્તે દીક્ષાઓ :- ૧૮૬
અંજનશલાકા પ્રતિષ્ઠાદિ મહોત્સવો, સંઘો, ૯૯ યાત્રાઓ :- ૩૦૦થી અધિક.



સ્વાદમાં ડૂબનાર ભવસાગરમાં ડૂબે છે... સ્વાદને જીતનાર ભવસાગર તરે છે...



# ચિત્રરસાંગ કલ્પવૃક્ષ

કલ્પવૃક્ષ જેના પત્ર અને ફળોમાં વિવિધ સ્વાદ ભરેલા હોય છે...
કોઈ વૃક્ષના ફળ-પત્રમાં દુધપાકનો સ્વાદ છે...
ક્યાંક વળી રસગુલ્લાનો સ્વાદ છે..
ક્યાંક બરફીનો સ્વાદ છે...
ક્યાંક ગુલાબજાંબુનો સ્વાદ છે...
યુગલિયા માંગે અને મળી જાય...

**ગુરુદેવ !**

આવા ઘણા સ્વાદ અનંત સંસાર પરિભ્રમણમાં અનંતીવાર
માણ્યો હશે... હવે આ સ્વાદમાં
બેસ્વાદ પણાનો અનુભવ કરવો છે... યાદ આવે છે પેલા કરગડુમુનિ !
આહારસંજ્ઞાની ગુલામીનો કેવો ગજબનો પશ્ચાતાપ હતો...
સ્મૃતિપર આવે માસક્ષમણના પારણે કડવી તુંબડીના શાકને પ્રસન્નતાથી
પેટમાં પધરાવતા ધર્મરૂચિ અણગાર......
મનમાં માંડવે આવ્યા છે,
છ-છ મહિના સુધી સ્વલબ્ધિથી સુઝતા આહારને મેળવવા પુરૂષાર્થ કરતા
અને અંતે
પરલબ્ધિથી મળેલા લાડવાને પરઠતા-પરઠતા
ક્ષપક શ્રેણીએ ચડીને કેવળજ્ઞાનના સ્વામી બનતા શ્રી ઢંઢણ મુનિ...



વરસાવજો એવી કૃપાધારા...
મારા જીવનમાં પણ
એક એવી પુણ્યવંતી પળ આવી જાય...
ભવોભવના કર્મોનો
ભાંગીને ભુક્કો થઈ જાય.







**ગુરૂભાઈઓ :-**

૧. પ.પૂ.આ.ભ. શ્રી
કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

૨. પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરિજી મ.સા.

૩. પ.પૂ. આ.ભ. શ્રી મહોદયસાગરસૂરિજી મ.સા.

૫. પ.પૂ. મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ.સા.

૬. પ.પૂ. મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.



**શિષ્ય - પ્રશિષ્ય પરિવાર :-**

૧. પ.પૂ. આ. ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિજી મ.સા.

૨. પ.પૂ. મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા.

૩. પ.પૂ. મુનિરાજ શ્રી હરિભદ્રસાગરજી મ.સા.

૪. પ.પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.

૫. પ.પૂ. મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.

૬. પ.પૂ. મુનિરાજ શ્રી આગમોદયસાગરજી મ.સા.

**ગુરૂ ગુણોદય સંદેશ**

આત્માની રૂચિ તે સમ્યગ્દર્શન
આત્માનો પરિચય તે સમ્યગ્જ્ઞાન
આત્મામાં સ્થિરતા તે સમ્યગ્ચારિત્ર
ત્રિવેણી સંગમે છે મુક્તિ તીર્થ.

50th VARSHITAP Anniversary









## મણયંગ કલ્પવૃક્ષ

ઓહો! કેવું છે કલ્પવૃક્ષ? જુઓ તો ખરા... શું દેખાય છે તમને?

ચારે બાજુ એના ઉપર કેવા ફળો લટકી રહ્યા છે? ક્યાંક હીરાના... ક્યાંક રત્નોના... ક્યાંક મણિ અને માણેકના... ક્યાંક હાર છે... ક્યાંક કંકણ છે... ક્યાંક મુગટ અને કુંડલરૂપે શોભી રહ્યા છે... હે જીવ! આવા આભુષણો અને રત્નો જોઇને કેમ લોભાઇ ગયો?

તને તો તારા ગુરૂદેવે એનાથી મોંઘેરા અદ્‌ભૂત... અપૂર્વ... ત્રણ રત્નો આપ્યા છે...

સમ્યગ્ દર્શન... સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર.. જે રત્નોને પામી અનેકાનેક મહાનુભાવો તરી ગયા છે.

લુંટારા તર્યા... હત્યારા તર્યા... કામી તર્યા... ક્રોધી તર્યા... વિષયી તર્યા... કષાયી તર્યા... પાપી તર્યા... પુણ્યશાળી તર્યા... ગરીબ તર્યા... અમીર તર્યા... રાજા તર્યા... મહારાજા તર્યા...



તો હું કેમ ન તરું? મારા ગુરુદેવ મને પણ રત્નત્રયી આપે છે... રત્નત્રયીમાં જ મોક્ષમાર્ગ સમાયેલો છે...

ખામી ક્યાંક મારામાં જ છે... ભૂલ કાંઇક મારી જ છે. જે રત્નત્રયી પામી જંબુસ્વામી તર્યા...

જે રત્નત્રયી પામી અઈમુત્તાકુમાર તર્યા... જે રત્નત્રયી પામી ચંદનબાળા... અને મૃગાવતી તર્યા...

**હે ગુરુદેવ**, આશીર્વાદ આપો... આ ભવમાં કેવળ દ્રવ્યથી જ નહીં

પણ ભાવ રત્નત્રયીની પ્રાપ્તિ થાય... ગ્રંથીભેદ કરીને દેહ અને આત્માનું ભેદજ્ઞાન પ્રાપ્ત થાય... પરને પરરૂપે ઓળખી એમાંથી આસક્તિ-મમતા છૂટે...

સ્વ-સ્વરૂપને સમજીને એમાં જ સ્થિર બનું... સ્વ સ્વરૂપનું દર્શન એ જ સમ્યગ્ દર્શન છે...

સ્વ સ્વરૂપનો પરિચય એ જ સમ્યગ્ જ્ઞાન છે... સ્વ સ્વરૂપમાં રમણતા એ જ સમ્યગ્ ચારિત્ર છે...



# ગુરૂદેવનું જીવન ગુણોનું ઉપવન

જંબુદ્વિપમાં... ભરતક્ષેત્રમાં... દક્ષિણાર્ધ ભરત... કચ્છ દેશમાં... કોટડા ગામમાં...
સમય હતો વીર સંવત ૨૪૫૮... વિક્રમ સંવત ૧૯૮૮... ભાદરવો મહિનો હતો...
પુનમનો દિવસ હતો... સવારના નવ વાગીને ચોપ્પન મિનિટ થઇ હતી.
ગણશીભાઇને સુંદરબાઇના પરિવારમાં શુભ સ્વપ્ન સુચિત પુત્ર રત્નનો જન્મ થયો...
પુત્રનો જન્મ... પુનમના ચંદ્ર જેવું પુર્ણતાને પ્રાપ્ત કરવા ઝંખતું આનંદ ઉપજાવે એવું મુખ...
ભાગ્યોદયને સુચવતું મોટું લલાટ... નાના પણે તેજસ્વી નયન... ઘરમાં આનંદ... ફરિયામાં આનંદ...
ગામમાં આનંદ... સર્વત્ર આનંદ - આનંદ - આનંદ... મુખડું જોવા... નામ પાડવા પડાપડી થવા લાગી...
ગણત્રીઓ થઇ... કુંભ રાશિ આવી... અક્ષર આવ્યા... ગ-શ-સ...
આ સામાન્ય બાળક નથી... આજે સામાન્ય દેખાય છે... આવતી કાલે એ અસામાન્ય બનશે...
મહાન બનીને કચ્છ... ગચ્છ... શાસનનું નામ રોશન કરશે. એવો અણસાર પરિવાર જનોને આવી ગયો...
તેથી જ બાળક માટે સુચવાયેલા અનેક નામોમાંથી નામ પસંદ કરવામાં આવ્યું. **''ગોવિંદ''**...
નશ્વરને ઇશ્વર બનાવે... જીવમાંથી શિવ પ્રગટાવે... આત્માને પરમાત્મપદ અપાવે...
સંસારીને સિદ્ધ બનાવે... આવી અદ્ભૂત શક્તિ અને સામર્થ્યનો સ્વામી હોય છે.
**''ગોવિંદ''** ગોવિંદ સહુનો લાડીલો હતો... દિવસ પછી રાત અને રાત પછી દિવસ પસાર થવા લાગ્યા...
ધર્મમય વાતાવરણમાં નવકારની ધૂન અને પ્રભુ ભક્તિના સ્તવનો અને ગીતો રૂપી હાલરડાથી ''ગોવિંદ''
બાળ સહજ ક્રિયાઓ અને રમતોથી સમય વીતાવતો મોટો થવા લાગ્યો...






# ગૃહકાર કલ્પવૃક્ષ

કલ્પવૃક્ષ જ ઘરાકારે પરિણમેલા હોય છે...
ક્યાંક ગોલ... ક્યાંક ચોરસ... ક્યાંક બેઠા બંગલા...
ક્યાંક ૧-૨ માળ... ક્યાંક વળી ૭-૭ માળનો મહેલ... ક્યાંક તો એથીય ઉંચા...
આવા વિવિધ આકાર અને પ્રકાર રૂપે આ કલ્પવૃક્ષો પરિણમેલા હોય છે...
યુગલિયા જેવા ઘરમાં રહેવાની ઇચ્છા કરે એવા ઘર
એમને મળી જાય પણ **ગુરુદેવ**, આપણે તો અણગાર છીએ... આપને વળી ઘર કેવું ?...
ના... ના... એમ નથી... મેં તો પરઘર છોડ્યું છે પણ મારે પોતાના ઘરે જવું છે માટે...
અણગાર બન્યા છીએ સાચા આગારને મેળવવા...
સિંહના ભવમાં ગુફા બનાવી... ઉંદરના ભવમાં દર બનાવ્યા...
સર્પના ભવમાં રાફડા બનાવ્યા... પંખીના ભવમાં માળા બનાવ્યા...
દેવોના ભવમાં દિવ્ય ભવન અને વિમાનોમાં વસ્યો... માનવના ભવમાં ઘર-મકાન-મહેલ ચણાવ્યા...
પણ અફસોસ ! અલ્પ સમય આ આવાસોમાં રહીને... એ આવાસોને છોડીને ફરી બીજા આવાસ
બનાવવા ચાલી નિકળ્યો.. ઘરો બદલાવી.. બદલાવીને હવે થાકી ગયો છું.. હવે જોઇએ છે ઘર મારું પોતાનું..
આજ દિવસ સુધીના મારા ઘરો હતા ભાડાના... લીવ એન્ડ લાઇસન્સના...
જે છોડવા જ પડે... ના... હવે મારે મારા ઘરમાં વાસ કરવો છે...
ન કદી છોડવું પડે... ન કદી ભટકવું પડે... એવું ચૌદ રાજલોકમાં
એક જ માત્ર એક જ સ્થાન છે... પ્યારું પ્યારું ધામ છે...
**‘‘સિદ્ધશીલા’’**
મળી જાય આપના આશીર્વાદ... ટળી જાય ભવભ્રમણ... જડી જાય મને મારૂં ઘર...



# પૂર્વ ભવના સંસ્કાર

કચ્છની કામણગારી ધરા... કોટડા ગામ...
સુંદર શોભતું શાંતિનાથ દાદાનું જિનાલય... બાજુમાં જ રળીયામણો ઉપાશ્રય...
દરરોજ માતાજીની આંગળી પકડી દાદાના દર્શન પૂજા કરી બિરાજમાન પૂજ્ય સાધ્વીજી ભગવંતના દર્શન - વંદનનો લાભ લેવો એ ગોવિંદકુમારનો નિત્યક્રમ હતો. આજે પણ ગોવિંદકુમારે શાંતિનાથ દાદાના દર્શન કર્યા...
ભાવવિભોર થઇને પ્રભુજીની પૂજા કરી... આજે બાલ ગોવિંદને કાંઇક અનેરો આનંદ હતો.
પૂજા - સેવા - ભક્તિ કરીને ઉપાશ્રયે આવ્યા.
બિરાજમાન પૂજ્ય સાધ્વીજી ભગવંતને વિધિપૂર્વક વંદના કરી... પણ ગોવિંદની નજર તો સાધ્વીજી ભગવંતના રજોહરણ ઉપર હતી. રજોહરણ જરાક સાધ્વીજી ભગવંતથી અળગું હતું. બાળ ગોવિંદ દોડ્યા...
સાધ્વીજી ભગવંતનું રજોહરણ લઇને નાચવા લાગ્યા. દૃશ્ય એવું અદ્‌ભૂત હતું...
જોનારાઓની આંખમાંથી હર્ષના આસુંઓ ટપકી પડ્યા. કદાચ ગોવિંદને પૂર્વભવની સ્મૃતિ થઇ હોય...
રજોહરણ સાથેનો સંબંધ અંતરમાં જાગૃત થયો હોય...
ત્યાં બિરાજમાન સાધ્વીજી ભગવંતના મુખમાંથી શબ્દો સરી પડ્યા -
''સુંદરબેન ! તમારો લાડીલો જાણે વજસ્વામી બનવાનો હોય એવું લાગે છે. તમારા આ બાળકને ખરેખર બીજા વજસ્વામી બનાવવા હોય તો જિન શાસનને ચરણે સમર્પિત કરી દો.'' ત્યારે કયાં ખબર હતી ભાવિમાં શું છુપાયું છે ?
કહેવાય છે ને ''વહુના લક્ષણ બારણામાં ને પુત્રના લક્ષણ પારણામાં''
ચોક્કસ પૂર્વભવના જિનશાસનની અપૂર્વ આરાધના કરીને આવેલો આ મહાન આત્મા છે.
પૂર્વભવના સંસ્કારો હતા... આ ભવમાં શુભ નિમિત્તો મળ્યા... આત્મા પૂર્વની અધુરી સંયમ આરાધનાને આજે આગળ ધપાવી રહ્યા છે... આત્મ કલ્યાણની અપ્રમત્ત સાધનાને કોટી વંદન...



# અનિયત કલ્પવૃક્ષ

અન્ય કલ્પવૃક્ષ સિવાયની જે કાંઇ ઇચ્છા હોય
તે સર્વ વસ્તુઓ આ કલ્પવૃક્ષ પૂરી પાડે છે...
સુંદર વસ્ત્રાદિ આપે છે... **ગુરુદેવ !**
આપશ્રી દ્વારા અપાયેલો આ પરમાત્માનો વેશ
કલ્પવૃક્ષ કરતાં અનેકાનેક ગણી કિંમત ધરાવે છે...
કલ્પવૃક્ષ તો માંગીએ એટલું જ આપે છે...
**ગુરુદેવ !**





આપના આપેલા પરમાત્મ માર્ગના સંયમવેશની આવી બલિહારી છે...
પૂર્વે થઇ ગયેલા મહાત્માઓની એવી મહાન આરાધના અને પુણ્યાઇ છે...
કે અમે માગીએ છીએ એના કરતાં અનેકગણું મળે છે...
પણ **ગુરુદેવ !** મોહનીય કર્મની ગતિ ન્યારી છે.
ઘર-બાર માતા-પિતા પરિવાર અને પરીગ્રહ છોડીને નીકળેલો
હું ફરીથી અહીં પરિગ્રહમાં પટકાઇ પડ્યો છું...
મમતા અને આસક્તિના જાળમાં ફસાઇ ગયો છું...
દ્રવ્ય સંસારનો ત્યાગ કરી, ભાવ સંસારમાંથી મુક્ત બનવાના લક્ષને
મજબૂત વળગી રહેવાને બદલે...
અને આરાધનામાં ઉદ્યમવંત બનવાને બદલે અહિં આવીને
નવા દ્રવ્ય - ભાવ સંસારના બંધનમાં બંધાઇ ગયો છું...
એક માતા-પિતાને છોડી નવા અનેકને માતા-પિતા ભાઇ-બેન બનાવું છું...
સંયમના ઉપકરણને પણ અધિકરણ બનાવવા જેટલી મુચ્છર્નો શિકાર બન્યો છું...
મારું શું થશે ? હું ક્યાં જઇશ ? આપ જેવા **ગુરુદેવ** મળ્યા પછી
મારી આવી હાલત હોઇ શકે ?
ના... **ગુરુદેવ...** ના... મારે દ્રવ્ય-ભાવથી અપરિગ્રહી બનવું છે...
ગુરુકૃપા અસંભવિતને સંભવિત બનાવી શકે છે...
એવી ગુરુકૃપાની અભિલાષા છે...




**ભાદરવા સુદ ૧૫ સવંત ૧૯૮૮**
**૧૪ સપ્ટેમ્બર ૧૯૩૨**
**સવારના ૯-૫૪**
**કચ્છ - કોટડા રોહા.**




| ગ્રહ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રાહુ | હર્ષલ | નેપચ્યુન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાશી | ૦૪ | ૧૦ | ૦૩ | ૦૪ | ૦૪ | ૦૩ | ૦૯ | ૧૦ | ૧૧ | ૦૪ |
| અંક | ૨૮ | ૨૦ | ૦૩ | ૧૫ | ૧૪ | ૧૨ | ૦૫ | ૨૩ | ૨૯ | ૧૪ |
| ફલા | ૩૨ | ૦૩ | ૧૩ | ૫૯ | ૩૦ | ૪૬ | ૨૯ | ૪૩ | ૩૨ | ૫૨ |
| વિકલા | ૦૫ | ૧૦ | - | - | - | - | - | - | - | ૩૦ |
| | | | | મા. | મા. | મા. | વ | ૦૩ | વ | વ |







# પત્થરની નૌકા

શાસ્ત્રકાર મહર્ષિઓએ
ત્રણ પ્રકારના ગુરુ કહ્યા છે... એમાં એક છે...
પત્થરની નૌકા જેવા... હોય ભલે મજબૂત...
દેખાય ભલે સુંદર... પણ સાગર તરવા માટે નકામી !
સ્વયં ડૂબે... એમાં બેસનારને પણ ડૂબાડે...
એવા છે કુગુરુઓ... પોતે ડૂબે... અને
શરણે આવેલાને ડૂબાડે ભવોભવમાં અજ્ઞાન દશામાં
આવા ઘણા ગુરુઓ મળ્યા... આવા ઘણાં ગુરુઓ કર્યા...
પણ એ સંસાર સાગરને તારનારા ન બન્યા...
એનાથી મારો સંસાર ન ઘટ્યો...
ન મર્યાદિત બન્યો...
પણ
સંસાર વૃદ્ધિ જ પામતો રહ્યો...

**હે સદ્ગુરુદેવ !**

હવે મને ભવોભવ આવા
કુગુરુની પાશમાંથી બચાવજો...
ભવોભવ સદ્ગુરુ બનીને મારો હાથ ઝાલજો...
પરંપરાએ મુક્તિનગરમાં પહોંચાડજો...



# સત્સંગ અને સંસ્કાર

સમય સમયનું કામ કરે છે...

માતા - પિતાનો લાડીલો ગોવિંદ ધીમે ધીમે મોટો થવા લાગ્યો...

નિશાળના અભ્યાસની સાથે સાથે વડિલો તરફથી ધર્મના સંસ્કારોનું સિંચન થવા લાગ્યું... પૂર્વ ભવના સંસ્કારો હોય અને એને પોષણ આપતું વાતાવરણ મળી જાય પછી બીજમાંથી વિરાટ વૃક્ષ બનતાં વાર લાગતી નથી.

પ્રભુ દર્શન - પૂજા તો નિયમિત ચાલુ હતી એમાં સતત સત્સંગનો લાભ પણ મળતો રહ્યો.

કોટડા ગામ ખરેખર ભાગ્યશાળી છે કારણ ત્યાં પ્રાયઃ સાધ્વીજી ભગવંતોનો સત્સંગ સુલભ રહ્યો છે. ગોવિંદભાઇ નાના હતા ત્યારે કોટડામાં પૂજ્યપાદ સાધ્વીજી મગનશ્રીજી મહારાજ તથા પ.પૂ.સા. અમૃતશ્રીજી મ.સા. સ્થિરવાસ હતા. ગોવિંદભાઈમાં રહેલી યોગ્યતાને એમણે પારખી લીધી હતી અને તેથી જ એમણે આ બાળકને વાર્તાઓ આદિ દ્વારા ધર્મનો બોધ આપ્યો હતો. સત્સંગનો પ્રભાવ જ અનેરો છે. માટે જ કબીરજી જેવાએ પણ સત્સંગનો મહિમા વર્ણવ્યો છે.

બાળપણથી મળેલી દિશા જ ગોવિંદને દીક્ષા તરફ દોરી ગઇ હશે. પાયો મજબૂત બન્યો. ધર્મ - ઉપદેશથી જીવનમાં અનેક ગુણોની વૃદ્ધિ થવા લાગી. યુવાનીના ઉંબરે પગ મુકતાં સામાન્ય જીવોમાં જોવા મળે એવી કોઇ ભોગ - વિલાસ પ્રત્યેની રૂચિ કે આકર્ષણ આ પુત્રમાં માતા-પિતાને ન દેખાઈ. જીવનમાં સાદગી અને આરાધના પ્રત્યેની રૂચિ એ વયમાં પણ ટકી રહી.



# કાગળની નૌકા

શાસ્ત્રકાર મહર્ષિઓએ બીજા પ્રકારના ગુરુ જણાવ્યા છે...
કાગળની નૌકા જેવા...
હોય ના મજબૂત... હોય કે ન હોય સુંદર...
આ નૌકા સાગર તરી શકે...
પણ **સાગર તારવા અસમર્થ...**
પોતે તરે પણ બીજાને ન તારી શકે...
મુંડ કેવલી આદિ કેવળજ્ઞાન પામ્યા પછી હજારો – લાખો
વર્ષો સુધી પૃથ્વીતલ પાવન કરે
વિચરે... પણ પ્રતિબોધ પમાડી
બીજા જીવોને તારી ન શકે... ના....
આવા ગુરુ ભગવંત પણ મારા જેવા અજ્ઞાનીને
તારી ન શકે... ભવપાર ન ઉતારી શકે...
**ગુરુદેવ !** ભવોભવમાં આવા ગુરુઓ પણ મળ્યા હશે...
પણ એથી મારું કલ્યાણ ન થયું...
હવે ભાવીમાં મને મળતા રહે આપના જેવા સદ્ગુરુ...
જે ઉન્માર્ગથી દૂર કરે... સન્માર્ગે આગળ વધારે...
આત્મામાં સ્થિર કરે...

## ધાર્મિક અભ્યાસ

પુણ્યાનું બંધી પુણ્યનો ઉદય શું કામ કરે છે ? તે જાણવા જેવું છે. યુવાની હતી... સ્વાસ્થ્ય સુંદર હતું... ભોગની સામગ્રી સુલભ હતી પણ આ જીવદળ જ કાંઇક એવું હતું અને એમાં ક્યાંય રસ ન હતો. ગોવિંદજીભાઇએ એ સમયમાં કોટડા નગરે બિરાજમાન પ.પૂ.સા. શ્રી પદ્મશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી રૂપશ્રીજી મ.સા.ની નિશ્રામાં ધાર્મિક અભ્યાસમાં જોડાઇ ગયા. અભ્યાસમાં રૂચિ ધરાવનાર શ્રાવકને ભણાવવામાં સાધુ-સાધ્વીજી ભગવંતોને અત્યંત આનંદ આવે છે. સાધ્વીજી ભગવંતોએ મહેનત કરી. ગોવિંદજીભાઇએ અભ્યાસમાં મન પરોવ્યું.



જીવ-વિચાર...નવતત્વ...દંડક...લઘુ સંગ્રહણી... પહેલો કર્મગ્રંથ... બીજો કર્મ ગ્રંથ... ત્રીજો... ચોથો... પાંચમો... અને છઠ્ઠો કર્મગ્રંથ... અભ્યાસ આગળ વધતો ગયો તેમ વૈરાગ્ય મનમાં વસતો ગયો... મહા પુરૂષોએ સાચું જ કહ્યું છે. **ज्ञानस्य फलं विरति ।** જ્ઞાનનું ફળ વિરતિ છે વિરતિ વૈરાગ્ય વિના આવતી નથી. જ્ઞાનથી વૈરાગ્ય અને વૈરાગ્યથી વિરતી એ એનો ક્રમ છે. કર્મગ્રંથોના અભ્યાસની સાથે ચૈત્યવંદન ભાષ્ય... ગુરૂવંદન ભાષ્ય... પચ્ચક્ખાણ ભાષ્ય આદિનો અભ્યાસ થયો. આત્મા મનન-ચિંતનમાં જોડાયો. જીવન શા માટે ?... જીવનમાં કરવા જેવું શું છે ?... જીવનની સફળતા શેમાં છે ?... આવા અનેક વિચારો મનમાં ઘુમવા લાગ્યા.

તત્વજ્ઞાનના અભ્યાસ સાથે પ્રભુભક્તિની મસ્તી માણવા લાગ્યા. મહોપાધ્યાય યશોવિજયજી ચોવિસી... દેવચંદ્ર ચોવિસી મુખપાઠ થતી ગઇ તેમ તેમ પ્રભુ સાથેની પ્રીતના બંધન મજબૂત થયા ગયા.

સમયસર સોગઠી લાગે તેમ પ્રભુ ભક્તિ અને વૈરાગ્યના રંગમાં રંગાયેલા આ આત્માએ વૈરાગ્ય શતકનો અભ્યાસ માંડ્યો. જેના શ્લોકે શ્લોકે વૈરાગ્યનો રંગ ઠાંસી-ઠાંસીને ભરેલો છે... જે ગ્રંથનું પઠન - પાઠન રાગીને પણ વૈરાગી બનાવે. આ તો વૈરાગી જીવ હતો. એના માટે વૈરાગ્ય શતકનો અભ્યાસ મહા ઉપકારી બન્યો.







# લાકડાની નૌકા

શાસ્ત્રકાર મહર્ષિઓએ ત્રીજા પ્રકારના ગુરુઓ જણાવ્યા...
લાકડાની નૌકા જેવા... પોતે મજબૂત હોય...
આકર્ષક હોય કે ના હોય... પણ
આ નૌકા સાગર તરી શકે છે... બીજાઓને તારી શકે છે...
આજ ઉત્કૃષ્ટ નૌકા છે... આજ સાચા ગુરૂ છે...
જે સ્વયં તરે... અને શરણે આવેલાને તારે...
હે જીવન રથના સારથી, **ગુરૂદેવ !...**
આ ભવમાં આપ મળ્યા... મારી સર્વ ચિંતા ટળી...
ગાડીમાં બેસવા સુધીની મહેનત મુસાફરને કરવાની છે...
ગાડીને ઈચ્છિત સ્થાને પહોંચાડવાની જવાબદારી
ડ્રાઈવરની છે...
આપના શરણને સ્વીકારવા સુધીની મહેનત કે પુરૂષાર્થ
સાધકનો છે... મારો છે... પણ
હવે ઈચ્છિત સ્થાને પહોંચાડવાની જવાબદારી આપની છે.
ભવોભવમાં મુક્તિની વાટે આગળ વધારતાં અંતે
મુક્તિનગરમાં પહોંચાડજો...



# ચિંતનની ચિનગારી

બદામમાં શક્તિ આપવાનું સામર્થ્ય છે...

પણ ક્યારે ?

જો એનું વિધિ પૂર્વક સેવન કરવામાં આવે અને આપણી પાસે એને પચાવવાની શક્તિ હોય ત્યારે – વીતરાગ શાસનના પ્રત્યેક ગ્રંથમાં વૈરાગ્ય... વિરતિ અને અંતે વીતરાગતા આપવાની શક્તિ છે...

પણ ક્યારે ?

વિધિપૂર્વક.. વિનયપૂર્વક પાઠ લેવામાં આવે... એના અર્થની વિશેષાર્થની વિચારણા થાય... ચિંતન થાય.. એમાં અંદરને અંદર... ઉંડોને ઉંડો સાધક ઉતરી જાય ત્યારે...

ગોવિંદજીભાઈના જીવનમાં વૈરાગ્ય શતકના ચિંતને અદ્ભૂત વૈરાગ્ય ધારા પ્રગટી. સંસાર જેલ જેવો લાગવા માંડ્યો. પળભર પણ સંસારમાં રહેવું એમને શિક્ષા સમાન લાગવા માંડ્યું.

**ઘર છોડી અણગાર બનવું છે... પરિવાર છોડી પરમાત્મા પાસે જવું છે...**

**સંસાર છોડી સંયમી બનવું છે... આવા અપૂર્વ મનોરથ જાગ્યા..**

આત્મા પોતાનું ઘર છે...
તત્વજ્ઞાન મિત્રનું ઘર છે...
રાગ શત્રુનું ઘર છે...

ક્યાં
કરીશ સ્થિરવાસ ?





# સ્થિર છે ધર્મસંબંધ..

માતા મરીને સ્ત્રી થાય છે... સ્ત્રી મરીને માતા થાય છે...
બહેન મરીને દીકરી થાય છે... દીકરી મરીને બહેન થાય છે...
મિત્ર શત્રુ થાય છે... શત્રુ મિત્ર બને છે...
રાજા રંક બને છે... રંક રાજા બને છે...
આવો છે સંસાર... આ છે સંસારનો સ્વભાવ...
સર્વ સંબંધો ક્ષણિક છે... પલટાતા છે... બદલાતા છે...
પણ આ બદલાતા સંબંધોમાં સ્થિર છે માત્ર ધર્મ... અને ધર્મના સંબંધો...
મરિચિના ભવમાં બંધાયેલો કપિલ સાથેનો સંબંધ...
કેવલજ્ઞાન અને મોક્ષ સુધી અખંડ રહ્યો...
જયતાક લુટારુના ભવમાં યશોભદ્રસૂરિ સાથે જોડાયેલો
સંબંધ તીર્થંકર - ગણધર પદ સુધી અખંડ બનશે...

ગુરુદેવ !

આપ સાથેના બંધાયેલો આ સંબંધ આપની પાછળ
પાછળ મને પણ મોક્ષના દ્વારે પહોંચાડશે જ એમાં ક્યાંય...
કોઇ શંકાને સ્થાન નથી...




# અંતરની વાત
# માતા-પિતા સમક્ષ

અંતરમાં જાગેલા મનોરથોને વાચા આપવાનું કાર્ય ઘણું જ કઠીન છે.અંતરની વાત માતા-પિતા પાસે કરવી હતી. ઘણો સમય વિચાર કરવામાં વિતાવ્યો. માતા-પિતાના હેત અને સ્નેહથી પોતે પરિચિત હતા. આ વાત કહેવાથી શું પરિણામ આવશે એની એમની જાણ હતી પણ વાત કર્યા વિના પણ ચાલે એમ ન હતું.

એક દિવસ યોગ્ય સમય જાણી માતા-પિતા પાસે સંપૂર્ણ વિનયપૂર્વક વાત મૂકી.

જે પરિણામની કલ્પના હતી એવું જ બન્યું.

માતા-પિતાને આઘાત લાગ્યો... એમણે બાળકને સમજાવવાના નિષ્ફળ પ્રયત્ન કર્યા - 'બેટા ! ધર્મ કરવો જુદી વાત છે... અને દિક્ષા લેવી જુદી વાત છે... આ તો લોઢાના ચણા મીણના દાંતથી ચાવવા જેવું દુષ્કર કાર્ય છે.''

માતા વિલાપ કરવા લાગી.. કેવો કારમો છે મોહ આ સંસારનો ?

ગોવિંદભાઈએ માતા-પિતાને સમજાવવા પ્રયાસ કર્યો. ઠીક ઠીક સમય નિકળી ગયો. માતા-પિતાએ જોયું ગોવિંદ પોતાના માર્ગ ઉપર મક્કમ છે, એનો સંકલ્પ દૃઢ છે. જ્યાં સુધી શાંતિ પૂર્વક અને અંતરના આશીર્વાદ પૂર્વક વડીલો રજા ન આપને ત્યાં સુધી અન્ય અભ્યાસ ચાલુ રાખ્યો. સંસ્કૃત - પ્રાકૃત શીખી લીધું... ચોઢાળિયા... છ ઢાળિયા... સજઝાયો... અન્ય સૂત્રોનું જ્ઞાન મેળવતા રહ્યા.પોતાના ચારિત્ર મોહનીય કર્મ નબળા પડ્યા... અંતરાય કર્મ તુટ્યા... માતા-પિતાએ સ્વેચ્છાએ સંયમ પંથે જવાની રજા આપી. માતા-પિતાની સંમતિ મળતા જ ગોવિંદભાઈ રાજીના રેડ થઈ ગયા.



વીતરાગની ભક્તિ વિના
રાગ-દ્વેષને જીતી શકાતા નથી.



# ભોગ સુખ

ભોગજન્ય સુખ... ક્ષણિક છે...
અસ્થિર છે... નાશવંત છે...
યોગજન્ય સુખ... શાશ્વત છે...
અચલ છે... સ્થિર છે...
ભવોભવમાં આ જીવને
ભોગસુખ મળ્યું છે...
એ જ સારું લાગે છે...
પણ જ્યારે પુણ્યાનુંબંધી પુણ્ય
જાગે છે ત્યારે જ **સદ્ગુરુ**નો યોગ મળે છે...
સત્ય સમજાય છે...
ભોગનો ત્યાગ... અને
યોગનો પ્રારંભ થાય છે...
સદ્ગુરુનો વિનય અને આજ્ઞા
પાલન સાધકને યોગમાર્ગે આગળ ધપાવે છે...
વિષય, ઇચ્છા, અહંકાર અને અશ્રદ્ધા
આત્મવિકાસના રોધક તત્વો
જીવનમાંથી દૂર થાય છે...
વિષયત્યાગ, લઘુતા અને
આત્મવિશ્વાસ દ્વારા
જીવ આત્મોન્નત્તિના
સોપાન સર કરે છે...
ભોગી ને યોગી બનાવનાર
ગુરુમૈયાને
કોટી કોટી વંદના...








માતા-પિતા તરફથી સંમતિ મળતાં જ સંયમાભિલાષી ગોવિંદભાઇ હવે ગુરુચરણોમાં પહોંચવા થનગનવા લાગ્યા. વિક્રમ સંવત ૨૦૧૩ની એ સાલ હતી.

એ સમયે પૂજ્યપાદ આ.ભ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. મુંબઇમાં બિરાજમાન હતા.

માતા પિતાની પાસેથી રજા લઇને મુંબઇ માટે પ્રયાણ કર્યું... કેવા ઉત્કૃષ્ટ ભાવો મનમાં રમી રહ્યા હતા ?

**ધન ધન તે દિન મુજ કદી હોશે... પામીશ સંયમ સુધોજી...**

કલ્પનાની પાંખે સાધના અને સાધુતાના ગગનમાં વિચર્યા... અપૂર્વ મંગલમય ભાવોની સાથે મુંબઇ નગરીમાં આવ્યાં...

ગુરૂદેવ ક્યાં છે ? એની તપાસ કરી... સમાચાર મળ્યા... પૂજ્ય શ્રી માટુંગા નગરે બિરાજમાન છે.

ધન્ય ઘડી... પાવન પળ... માટુંગા નગરે આવ્યા... સહસ્રફણા પાર્શ્વનાથ દાદાના દર્શન કર્યા...

અને બપોરના સમયે ઉપાશ્રયમાં પહોંચી ગયા. આનંદ અંતરમાં સમાતો નથી...

આ તો પળ જેણે માણી હોય એ જ એને સમજી શકે.

ગુરૂદેવને ભાવપૂર્વક વંદના કરી... ગુરૂદેવ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાસે અંતરની વાત કરી આવવાનું પ્રયોજન જણાવ્યું.

ગુરૂદેવને શાસન પ્રભાવના માટે જેવા શિષ્યની આવશ્યકતા હતી એવી યોગ્યતા ધરાવતા મુમુક્ષુને જોઇને એમણે ત્યાં રહી જવા અને થોડો અભ્યાસ કરી પછી દીક્ષાની વાત કરી.

દીક્ષામાં લંબાણ થાય એવી મુમુક્ષુની ઇચ્છા ન હતી પણ ગુરૂ ઇચ્છા તહત્તિ કરી. અલ્પ સમય ગુરૂ સાનિધ્યમાં રહ્યા. સંયમ જીવનની તાલીમ મેળવી... ચાતુર્માસ પૂર્ણ થતાં જ દીક્ષાનું મુહૂર્ત નીકળ્યું.

સં. ૨૦૧૪ માગસર સુદ ૧૦ રવિવાર.





વ્યવહાર ન જળવાય તો તીર્થનો લોપ થાય.
નિશ્ચય ન જળવાય તો મોક્ષનો લોપ થાય
બન્ને આપણને ન પાલવે બન્નેને સાથે રાખી આગળ વધો.



# શરણાગતિ...

પાપનું મૂળ લોભ છે... રોગનું મૂળ સ્વાદ છે...
દુઃખનું મૂળ સ્નેહ છે... સુખી થવું છે ?
તો આ ત્રિપુટીનો ત્યાગ અતિ આવશ્યક છે.
પણ, આ ત્રિપુટીનો ત્યાગ સહેલો નથી... અતિ કઠિન છે... દુષ્કર છે...
દુષ્કર ને સુખકર બનાવવાનો સહેલ માર્ગ છે...

**સદ્ગુરૂની શરણાગતિ !**

સદ્ગુરૂના શરણે જતાં જ અજ્ઞાન દશા ટળે...
જ્ઞાન દશા પ્રગટે... ભૂલોનું ભાન થાય...
અનંતકાળ ચક્રમાં અસંખ્યાતો કાળ જાય તો પણ
માનવ ભવની પ્રાપ્તિ દુર્લભ છે...
જ્યારે ગુરુની પ્રાપ્તિ પણ માનવભવ વિના દુર્લભ છે...
માનવભવમાં પણ દુર્લભ છે...
જાગે જો સાચો પુણ્યોદય મળી જાય સદ્ગુરૂનો સંગ...
ઉતરી જાય સંસારનો રંગ... આવી જાય સંયમનો ઉમંગ...
જડી જાય મુક્તિનો પંથ...
મુક્તિ સુખ અપાવે છે

**સદ્ગુરૂનું શરણ**




શ્રી આદિનાથ ભગવાને ૪૦૦૦ સાથે દીક્ષા લીધી.

શ્રી વાસુપૂજ્ય ભગવાને ૬૦૦ સાથે દીક્ષા લીધી...

શ્રી પાર્શ્વનાથ અને મલ્લિનાથ ભગવાને ૩૦૦ સાથે દીક્ષા લીધી...

અન્ય ઓગણીસ ભગવંતોએ ૧૦૦૦-૧૦૦૦ સાથે દીક્ષા લીધી...

પણ શાસનપતિ શ્રી મહાવીરસ્વામીએ એકલે જ દીક્ષા લીધી...

પરંતુ પ્રભુ મહાવીરસ્વામીની પાટપરંપરાને અજવાળનારા પૂજ્ય ગચ્છાધિપતિ પદે આરૂઢ થનાર પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.એ જ્યારે દીક્ષા લીધી ત્યારે એકલા ન હતા. એમની સાથે બે - બે મુમુક્ષુ બહેનો સાથે હતી.

લાલબાગના આંગણે સરસ મજાનો ઠાઠ જામ્યો હતો.

ભવ્ય દીક્ષા મંડપ બંધાયા... ગામોગામથી ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાઓ આવ્યા...

પૂજ્યપાદ આ.ભ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સાથે વિશાળ સંખ્યામાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા.

રજોહરણ અર્પણની મંગલ ઘડી આવી પહોંચી પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીએ ગોવિંદકુમારને રજોહરણ આપ્યું...

વેષ પરિવર્તન કરવાનો અવસર આવ્યો...

સંસારી વેષને અંતિમ સલામી આપી એને ત્યાગીને મુમુક્ષુઓ સંયમના વેષમાં સજ્જ બન્યા...

ગુરૂદેવે ક્રિયા પૂર્ણ કરાવી...



નામ જાહેર કરવાની વિધિ ચાલુ થઇ...

મુમુક્ષુ ગોવિંદકુમારનું નામ પડ્યું... **ગુણોદયસાગરજી**

સર્વત્ર આનંદ-આનંદ છવાઇ ગયો...

દીક્ષા લીધી એ ક્ષણથી જ ગુરૂચરણે જીવન ઝુકાવી દરેક નાના-મોટા કાર્યમાં ગુરૂની સાથે ખભે ખભા મિલાવી શાસન પ્રભાવનાના અનેકાનેક કાર્યો કરતા રહ્યા. શાસન અને ગચ્છનો ઘણો બધો ભાર પોતાના ખભે વહન કરતા ગુરૂને સર્વ કાર્યોમાં અનુકુળ અને સહાયક બની રહ્યા. શ્રી અખિલ ભારત અચલગચ્છની સ્થાપના તથા કચ્છ - મુંબઇ સંમેલન... કચ્છમાં બન્ને વિદ્યાપીઠોની સ્થાપના... શ્રી ગોધરા (કચ્છ) પાલીતાણા છ'રી પાલક સંઘ... અનેક પ્રતિષ્ઠાઓ-અંજનશલાકાઓ દીક્ષાઓ બધામાં ગુરૂ-શિષ્યની જોડી સદા સાથે હતી. આ બધા કાર્યોની સાથે સાથે પોતાની તપ-જપ અને જ્ઞાન-ધ્યાનની સાધના ચાલુ જ હતી. ગુરૂદેવની સેવામાં જોડાઇને ગુરૂદેવના હૃદયમાં અત્યંત મજબૂત સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અચલગચ્છમાં ગુરૂ-શિષ્યની જોડીને મહાવીર-ગૌતમની ઉપમા આપવામાં આવી હતી. કેવા અવર્ણનીય હશે એ સંબંધ!

ગુરૂ ભગવંતે જેવું નામ પાડ્યું તેવું શિષ્યે સાર્થક કરી બતાવ્યું. જીવનમાં અનેકાનેક ગુણોનો ઉદય કરી બતાવ્યો. ગુણના સાગરમાંથી ઘણા ગુણો પોતાના જીવનમાં પ્રગટ કર્યા. એમના જીવનમાં રહેલા સર્વ ગુણોને જાણવાની - સમજવાની અને સહુ સમક્ષ મુકવાની આપણી શક્તિ ક્યાં ? અશક્ય એવા કાર્યને શક્ય કરવાના જે યત્‌કિંચિત પ્રયાસો કર્યા છે એમાં પણ એ જ ગુરૂદેવનો પ્રભાવ છે. અલ્પ બુદ્ધિથી એમના જીવનના કેટલાક પ્રસંગો જે જોવા - જાણવા અને સાંભળવા મળ્યા એમને તટસ્થપણે આલેખવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે.



વ્યવહાર અને નિશ્ચયને સમજીએ
તો
શાસ્ત્ર સાધન છે. અન્યથા શસ્ત્ર છે.





# સેવાની સાધના

ગુરૂદેવની સેવા... ભક્તિ... વૈયાવચ્ચ...

આ તો પ્રત્યેક શિષ્યનું કર્તવ્ય છે...

બાવીસ... બાવીસ વરસ સુધી ગુરૂદેવની સાથે રહી અજોડ સેવા કરીને ગુરૂભગવંતના હૈયામાં મજબૂત સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પરંતુ દિક્ષા લીધા પછી નાના-નાના ગુરૂભાઇ અને શિષ્ય-પ્રશિષ્યોની સેવા વૈયાવચ્ચ કરી છે.

વર્તમાન આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ૧૩ વરસની ઉંમરે સંયમનો સ્વીકાર કર્યો હતો. હાલમાં પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ૧૧ વરસની ઉંમરે અને પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. એ ૮ વરસની ઉંમરે દીક્ષા લીધી હતી. પ.પૂ. હરિભદ્રસાગરજી મ.સા. ૧૧ વરસની ઉંમરે અને પ.પૂ. રાજરત્નસાગરજી મ.સા. ૮ વરસના બાલવયે સંયમનો સ્વીકાર કર્યો હતો.

આ સર્વ બાલસાધુઓને સાચવવાની જવાબધારી વર્તમાન ગચ્છાધિપતિશ્રીના માથે હતી. બાલસાધુઓને ભણાવવા - ગણાવવાની અનુકુળતા કરી આપવી. બાલ સાધુઓને ભણવા ગણવા માટે સમય મળે એ માટે ઘણા કાર્યોની જવાબદારી સ્વેચ્છાપૂર્વક સ્વીકારી હતી. આ બાલસાધુઓ બિમારાદિ પડે તો એમની સેવા માટે પણ ખડે પગે ઉભા રહેતા.

ગુરૂની સેવા કરવી સહેલી છે પણ ગુરૂભાઇ અને શિષ્યોની સેવા કરવી ઘણી જ કપરી છે. વૈયાવચ્ચ પણ અભ્યંતર તપ છે. અને એમાં અપ્રમત્તતાનો ગુણ સમાયેલો છે.



ગુરુ ભક્તિ તીર્થંકર પદ અપાવનાર શ્રેષ્ઠ સાધના છે.



# સદ્ગુરૂ દર્શન...

ખાનદાની ભૂલી... માતા-પિતાને ત્યાગી...
નટકન્યા પાછળ પાગલ બનેલો ઈલાયચીકુમાર !
દોરી ઉપર નાચી...
રાજાને રીઝવવાનો પ્રયાસ કરતો... ઈલાયચીકુમાર !
સંસારના રાગથી રંગાયેલો  ઈલાયચીકુમાર !
બાજી પલટાતાં દોરી ઉપર... નાચતાં નાચતાં...
કેવળજ્ઞાનની કેડીએ ચઢતા ઈલાયચીકુમાર !!!
કેવલદર્શન અને કેવલજ્ઞાન પામતાં ઈલાયચીકુમાર !
રાગની બાજીને વીતરાગતામાં પલટાવનાર
તત્વ ક્યું ? કહેવું પડશે...
સ્વીકારવું પડશે... **સદ્ગુરૂ દર્શન...!**
મળી જાય જો તમને...અમને...
તો આપણે પણ બની જઈએ રાગના ત્યાગી...
અને  ત્યાગના રાગી... બની જઈશું
એક ને એક દિવસ... વીતરાગી !
વીતરાગી પદ અપાવનાર
સદ્ગુરૂ દર્શનને
લાખ-લાખ ધન્યવાદ...





# તપના તોરણીયા

વિક્રમ સંવત ૨૦૨૧ની સાલ હતી... ફાગણ વદ આઠમનો એ દિવસ હતો...
કચ્છ ગોધરાની પાવન ધરા હતી... શ્રી કેસરીયા આદેશ્વરદાદાનો દરબાર હતો...
ગુરૂ-શિષ્યની બેલડી દર્શનાર્થે પધાર્યા... દર્શન કર્યા... ચૈત્યવંદન કર્યું...
પચ્ચક્ખાણ લેવાનો સમય આવ્યો... શિષ્યે હાથ જોડ્યા...
ગુરૂદેવે પચ્ચકખાણ કરાવ્યું... **"સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઇ..."**
જિનાલયના દર્શન કરી ગુરૂદેવને ભાવપૂર્વક વંદના કરી અને શુભ સંકલ્પ સહ ગુરૂદેવ પાસેથી
આશીર્વાદ અને વાસક્ષેપ લીધો.
કેવી મહાન હશે એ પળ... કેટલી પાવન હશે એ ક્ષણ...
કેવા અંતરના આશીર્વાદ મળ્યા હશે ગુરૂદેવના ?
એ મંગળ દિવસથી વરસીતપની અવિરત આરાધના ચાલુ થઇ... આજે પચાસ-પચાસ વરસથી
આ તપયાત્રા ચાલુ છે. ધન્ય ગુરૂદેવ... ધન્ય તપ...
ધન્ય આશીર્વાદ... વંદન તપ સમ્રાટને !



# ચાર "ક" કાર...

કંચન... કાયા... કામિની... કીર્તિ...
આ ચાર 'ક' કાર અનાદિથી આત્માનું સત્યાનાશ વાળનાર છે...
મોહનીય કર્મ... જીવને મુંઝાવે... સત્ય સમજવા ન દે...
અસત્યમાં અટવાઇ જાય... સત્ય કોણ સમજાવી શકે ?
મોહનો નશો કોણ ઉતારી શકે ? મુંઝવણ કોણ દૂર કરી શકે ?
અનાદિની અવળી દૃષ્ટિ સવળી કોણ બનાવી શકે ?
એક જ રાજમાર્ગ છે... **સદ્‌ગુરુ** !
જિનાજ્ઞા અનુસાર ત્યાગ... ત્યાગીની વાણી... એકાંતે લાભદાયી છે...
સદ્‌ગુરુ વિના આ બધાની પ્રાપ્તિ સંભવતી નથી...
એના વિના મોહમુક્ત થઇ શકાતું નથી...
ચાલો, સદ્‌ગુરુ ચરણે જઇએ.... સદ્‌ગુરુનું શરણું લઇએ...
મોહનો નશો ઉતારી, કંચન-કાયા-કામિની-કીર્તિની
માયામાંથી મુક્ત બની આત્મા તરફ આગળ વધીએ...
જન્મ-મરણના ફેરા ટાળી... અક્ષય સુખના સ્વામી બનીએ...





# ગુરુદેવના હૃદયમાં વાસ

વર્ષો પૂર્વેની વાત છે...

કુંભોજગિરિની તીર્થભૂમિ હતી... જગવલ્લભ પાર્શ્વનાથની છાયા હતી...

શાસન સમ્રાટ્ - અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પધાર્યા હતા... અમે એ સમયે ત્યાં જ વિચરી રહ્યા હતા. મારી દીક્ષા પછી લગભગ છ વરસ પછી પૂજ્યશ્રી ગચ્છાધિપતિશ્રીના દર્શન-વંદનનો પ્રથમ અવસર પ્રાપ્ત થયો હતો.

સવારના સામૈયું આદિ હોવાથી વંદનાદિ કર્યું. પૂજ્યશ્રી વ્યસ્ત હોવાથી સાંજે આવવા કહ્યું.

સાંજે લગભગ પાંચ વાગે પહોંચ્યા. પૂજ્યશ્રી લેખનકાર્યમાં મશગુલ હતા. એ સમયે વિહારમાં પણ ''લઘુ ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ'' ગ્રંથનું લેખન ચાલુ હતું. અમે વંદન કરી બેઠા. પૂજ્યશ્રી ગુરૂમાતા સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.એ કહ્યું - ''સાહેબજી ! સાધ્વીજીને દીક્ષા પછી પ્રથમવાર મળી રહ્યા છો કાંઇક હિતશિક્ષા આપી શકશો ?''

પૂજ્યશ્રીની દોડતી કલમ અટકી ગઇ... કાંઇક આજુ બાજુ નિરીક્ષણ કર્યુ અને કહ્યું - ''સાધ્વીજી ભગવંત થોડી વાર બેસો હું પચ્ચક્ખાણ પારી લઉં.''

અમે સાંભળતા જ ચમકી ઉઠ્યા...''શું આપશ્રીએ હજુ પચ્ચક્ખાણ નથી પાર્યું ?'' ''શું તમારા સાધુ ભગવંતોએ પાણી માટે પૂછા નથી કરી ?''

સાહેબજીએ કહ્યું - ''આજે ઉપવાસ છે... લખવામાં સમયનો ખ્યાલ ન રહ્યો... હમણાં પારી લઇશ...''

પ.પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.એ કહ્યું - ''શિષ્યાદિ પરિવારની પણ ફરજ છે ને? સમય થતાં પાણી આપવું જોઇએ ને ?''

ત્યારે પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીની આંખો કાંઇક ભીની થઇ ગઇ. એમને પોતાના વહાલા શિષ્યની સ્મૃતિથી અને મુખમાંથી શબ્દો સરી પડ્યા - ''એ તો મારા પ્રત્યેક સમયનો ખ્યાલ ગુણોદયસાગરને હતો.''

નાનો પ્રસંગ ગુરૂથી દૂર રહેવા છતાં ગુરૂના અંતરમાં વસેલા શિષ્યના વિનયાદિ ગુણોનો પરિચય કરાવી જાય છે.



રાગનો ત્યાગી અને
ત્યાગનો રાગી બને વીતરાગી.





# બાજી જીતી જઈશું...

સંસાર દુઃખની ખાણ છે...
જીવિતવ્ય પાણીના પરપોટા જેવું છે...
લક્ષ્મી અસ્થિર છે... દેહ ક્ષણભંગુર છે...
કામભોગ તુચ્છ અને ઘણા જ દુઃખનું કારણ છે...
આ સત્ય છે
તેમ શાંતિ જેવું તપ નથી...
સંતોષ જેવું સુખ નથી... તૃષ્ણા જેવો વ્યાધિ નથી...
દયા જેવો કોઈ ધર્મ નથી... આ પણ સત્ય છે.
પણ ઠોઠ નિશાળીયાની જેમ ભવોભવમાં ઠોકરો ખાવા છતાં હજી
આ જીવને આ વાતો સમજાતી નથી.
**સદ્ગુરૂ**ના સત્સંગ વિના આ વાતો સાંભળવા મળવી...
અંતરમાં ઉતરવી... સ્વીકારવાનું અને આચરવાનું સત્વ જાગવું
આ ભવમાં... પર ભવમાં... ભવોભવમાં
અશક્ય પ્રાયઃ છે... તક મળી છે... તકદિર બનાવીએ...
**સદ્ગુરુ** પામી... શરણાગતિ સ્વીકારીએ બાજી જીતી જઈશું...

# જ્ઞાન ગુણ ગંભીરા



**ગુણ-ગુણોદયની જોડી**

એટલે આ કાળમાં

મહાવીર-ગૌતમની જોડી...

એમ કહેવાતું હતું.

દીક્ષા લીધા પછી ગુરૂદેવની છાયામાંથી ક્યારેય છુટા પડ્યા ન હતા.

એકાદ વખત કોઇએ આગ્રહ કરી જુદા પાડ્યા હોય તો રડી રડીને રાત વીતાવી બીજા દિવસે ફરી ગુરૂદેવ પાસે પહોંચી જતા.

આવી અતુટ ગુરૂ-શિષ્યની પ્રીત હતી...

આ અતુટ પ્રીતને તોડવાના ઘણા પ્રયસો થયા પણ પ્રીત અખંડ રહી.

અંતે શાસન પ્રભાવનાના કાર્યોના નિમિત્તને આગળ કરી, ગુરૂ-શિષ્યને જુદા કરવામાં આવ્યા. ત્રેવીસ - ત્રેવીસ વરસ સુધી પડછાયાની જેમ ગુરૂવરની સાથે રહેલા પૂજ્યપાદ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને કચ્છ તરફ પ્રયાણ કરવાની ગુરૂઆજ્ઞા થઇ. સહુને સમજાવવાના સર્વ પ્રયત્ન જ્યારે વ્યર્થ ગયા ત્યારે ગુરૂઆજ્ઞા તહત્તિ કરીને નાના બાળક માતાથી વિખુટું પડતાં રડે એમ રડતાં રડતાં પૂજ્યશ્રીએ કચ્છ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં વડોદરા પધાર્યા. મને યોગદ્વહનની ક્રિયાઓ કરાવવી હતી. પણ હવે પોતાની ઉપર બધી ક્રિયાઓ કરાવવાની હતી...

શુભ મુહૂર્તે યોગમાં પ્રવેશ કરાવ્યો... ક્રિયા શરૂ થઇ...

સવાર સાંજ ક્રિયા થવા લાગી... બે દિવસ તો ચાલ્યું...

ત્રીજા દિવસે પૂજ્યશ્રીને વાત કરી... ''આપશ્રી ક્રિયા કરાવો છો... હું કરૂં છું... આપશ્રી કહો ખમાસણા આપો... ખમાસણું આપું... આપ શ્રી કહો કાઉસગ્ગ કરો તો હું કાઉસગ્ગ કરૂં છું... પણ આ બધી વિધીનો અર્થ - મર્મ સમજાય તો મજા આવે... અન્યથા મજા નથી આવતી.

અત્યંત સહજતાથી... નિખાલસતાથી પૂજ્યપાદ આચાર્ય ભગવંતે કહ્યું - ''હું તમને પ્રથમ જ વાર યોગદ્વહન કરાવી રહ્યો છું... છતાં તમારી ઇચ્છા હશે તો મને જેમ આવે છે તેમ અર્થ કહીને સમજાવવાનો પ્રયત્ન કરીશ.''

એ પછી આચાર્ય ભગવંતે એક એક ખમાસમણ... કાઉસગ્ગ વિગેરે ક્રિયાઓના જે અર્થ સમજાવ્યા છે તે સાંભળતા અને અર્થ પૂર્વક યોગદ્વહન કરતાં મેં અલૌકિક આનંદ અનુભવ્યો છે. આ આનંદનું શબ્દોમાં વર્ણન કરવું મારા માટે શક્ય નથી.

આજે જ્યારે જ્યારે કોઇને યોગદ્વહનની ક્રિયા કરતા નિહાળું છું ત્યારે વરસો પૂર્વેની એ પાવન ક્ષણોનું સ્મરણ થાય છે.

આવું અથાગ જ્ઞાન હોવા છતાં એમના જીવનમાં જે નિખાલસતા છે... બાળક સમાન નિર્દોષતા છે તે ખરેખર પ્રશંસવા જેવી છે.









# ગુમાવેલી પળો...

કેવો અદમ્ય ઉત્સાહ હતો ?




કેવી આરાધનાના અરમાન હતા ?
કેવા ઉત્કૃષ્ટ ચારિત્ર પાલનની ભાવના હતી ?... પણ
સંયમ મળી ગયું... મહારાજ બની ગયા...
ધીમે ધીમે આભ ઉંચા ઉછળતા ઉત્સાહ...
અરમાન... અને ભાવનાના પૂર ઓસરવા માંડ્યા... અને
જીવનમાં આવી ગઇ એ જ શુષ્કતા...
એ જ નિરસ ઘરેડ... **ગુરુદેવ !**




મને મારા જીવનમાંથી ગુમાવેલી પળો પાછી જોઇએ છે..
આરાધનાનો તરવરાટ અને થનગનાટ જોઇએ છે...
નદી સાગરને મળવા દોડે...
તેમ હું પરમાત્માને મળવા દોડવા ઇચ્છું છું...




ન મોહ - માયા અટકાવી શકે...
ન યશ - કીર્તિ લલચાવી શકે...
ન માન-લોભ રુકાવટ લાવી શકે...
ન વિષય-કષાય મને મારા માર્ગથી હટાવી શકે...
શક્તિ આપો દોડવાની... બળ આપો પામવાનું...
સામર્થ્ય આપો મંઝિલે પહોંચવાનું...
મંઝિલ ન મળે ત્યાં સુધી સતત - સખત - સરસ
પ્રયાસોમાં જ તન-મન-જીવન લાગ્યું રહે
આવું આપી દો વરદાન...





# દીક્ષાના દાનવીર




પાલીતાણાની પરમ પવિત્ર ભૂમિ... વિ.સં. ૨૦૩૬નું વરસ...

મહા મહિનાનો સમય... મહા વદ ૭ નો દિવસ... શેઠ શ્રી કેશવજી નાયક ધર્મશાળા...

શાશ્વત ધામમાં શાશ્વત તીર્થંકર દાદા શ્રી ઋષભાનન... ચંદ્રાનન.. વર્ધમાન અને વારિષેણ જિનોની છાયામાં...

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં... એમના જ વરદ્ હસ્તે નવકારમંત્રારાધિકા... સિદ્ધાચલ સ્નેહિ... આગમ જ્ઞાતા બા.બ્ર.પ.પૂ.સા.શ્રી મુક્તિશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા સા. શ્રી જયદર્શિતાશ્રીજી ની વડી દિક્ષા થઇ.

અચલગચ્છમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થઇ દિક્ષા લેનાર પ્રથમ સાધ્વી હતા... કે જે સોમૈયા કોલેજમાં લેક્ચરર તરીકે રહી ચુકેલા સાધ્વીજીને યોગદ્વહન કરાવી પોતાના હાથે દીક્ષા આપવાનો શુભ આરંભ કર્યો.

કોઇ સારા મુહૂર્તે... કોઇ પનોતી પળે...

થયેલું આ મંગળમય કાર્ય આગળ ધપતું જ ગયું અને આજે ગચ્છાધિપતિ પદે પહોંચેલા આપણા મહાન ગુરૂદેવ દીક્ષાના દાનવીર બની ગયા છે. દ્વિશતાધિક દીક્ષાઓ આપી એમણે શાસનને અને ગચ્છને અનેકાનેક અજોડ રત્નોની ભેટ આપી છે. એમના હાથે થયેલી દીક્ષાઓ સફળ રહી છે એમાં એમનું અપ્રતિમ ચારિત્ર બળ કામ કરી ગયું છે એવું લાગ્યા વગર રહેતું નથી.

કલિયુગમાં ફક્ત છત્રીસ વરસના અલ્પ સમયમાં બસો થી વધારે દીક્ષાઓ આપી એમણે એક અપૂર્વ શાસન પ્રભાવનાનું અને ગચ્છ વિકાસનું કાર્ય કર્યું છે.

ગુરુ ગુણોદય સંદેશ

પુણ્યમાં પુરુષાર્થ ભળે તો સિદ્ધિ મળે... આપણે પુરુષાર્થ ઘણો કરીએ
પણ પુણ્યવૃદ્ધિ ન કરીએ તો સિદ્ધિ કેમ મળે ?
પુરુષાર્થ સાથે પુણ્ય વૃદ્ધિ માટે નવકાર-દર્શન-પૂજા કરીએ.





## સમાધિની કેડી...

સંપદા પૂર્વના પુણ્યને અને આપદા પૂર્વના પાપ ને પીસનારી છે.
આ વાતને  જાણ્યા અને સમજ્યા પછી કયો ડાહ્યો માણસ,
સંપદામાં રાગી બને... અને આપદામાં દ્વેષી બને...
એના રાગ-દ્વેષની પરિણતિ ક્યારે પણ સંપદા કે આપદા સાથે
સંકળાયેલી ન હોય...
એ તો પોતાના સ્વયંની શુભ... અશુભ... અને શુદ્ધ...
પરિણતિની જ વિચારણા કરતો હોય છે...
બાહ્ય જગતની સંપદા અને આપદા ભલે આત્માના શુભ-અશુભ
પરિણતિને આધીન પણ અભ્યંતર સમાધિ
આત્માની શુદ્ધ ધારા વિના સંભવતી નથી...
**ગુરુમા !** મને સમાધિની કેડીએ આગળ વધવા જરૂરી
વીતરાગી વિચાર ધારાના સ્વામી બનાવો...
રાગ-દ્વેષ અને શુભ - અશુભના વંટોળમાં અટવાયેલી મારી
જીવન નૌકાનેપાર ઉતારો. ભવપાર ઉતારો....



# સમતાની સમૃદ્ધિ...

જેઠ મહિનાનો સમય હતો...

કુશલ ટાવર (ઘાટકોપર)માં અંજનશલાકા - પ્રતિષ્ઠાનો શાનદાર મહોત્સવ ઉજવાઇ રહ્યો હતો. જેઠ સુદ ૬ની રાતે જિનબિંબોને અંજન કરવાનું હોઇ પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રી સહ અન્ય સાધુ ભગવંતોને સારૂં એવું જાગરણ થયું હતું. પૂજ્યશ્રીનો એ દિવસ ઉપવાસ હતો.

બીજા દિવસે સવારના એટલે જેઠ સુદ ૭ ના પ્રભુજીની પ્રતિષ્ઠા હતી. શુભ મુહૂર્તે અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક પ્રતિષ્ઠા થઇ ગઇ.

પ્રતિષ્ઠાનું અનુષ્ઠાન પરિપૂર્ણ થયા બાદ બહુમાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગચ્છાધિપતિ સહ શ્રમણ-શ્રમણી વૃંદ, વિધિકારક, સોમપુરા, જિનાલય નિર્માણનો લાભ લેનાર પુણ્યશાળીઓ એવં જેમનો જેમનો સહકાર મળ્યો હતો એ સહુનું બહુમાન કરવામાં આવ્યું... ઘણા વક્તાઓના ભાષણો થયા.

એમ ઉંચા - નીચા થઇ રહ્યા હતા. પણ પૂજ્યપાદ ગચ્છાધિપતિ સ્થિર હતા... સ્વસ્થ હતા...

બપોરનો દોઢ વાગી ગયો હતો... ગઇ કાલે ઉપવાસ હતો... આવતી કાલે ઉપવાસ કરવાનો હતો... આજે હજી પચ્ચક્ખાણ પાર્યું ન હતું.

કાર્યક્રમ જલ્દી પૂરો કરવા વિનંતી કરી તો સાથી મુનિરાજોએ જણાવ્યું - ''આ તો એમના માટે હંમેશનું છે જ્યારે જ્યારે પણ પ્રતિષ્ઠા હોય ત્યારે ત્યારે પ્રતિષ્ઠા અને બહુમાન કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી પૂજ્યશ્રી ક્યારે પણ મોઢામાં પાણી નાંખતા જ નથી.''

લાંબી તપસ્યામાં પણ પારણાના દિવસે આવી એમની ધીરજ જોઇ અને જાણીને આશ્ચર્ય થયું. પૂજાનું પેલું પદ જાણે એમણે જીવનમાં ઘુટી લીધું હતું. **તપ કરીએ સમતા રાખી ઘટમાં...**



*આપણે કર્મ કર્યા છે તો કસોટીઓ થવાની છે*
*સમતાને સાથે રાખી પાર થવાનું છે.*

# નાવનું સુકાન

સાગર ભલે તોફાની હોય...
કુશળ નાવિક પોતાની
નાવને કિનારે પહોંચાડીને જ રહે છે...
કુશળ સાધક ગુરુના હાથમાં  નાવનું સુકાન
સોંપીને નિશ્ચિત બની જાય છે...
**ગુરુ મહારાજ !** સંસાર અસાર છે...
સંસાર ખારો છે...
સંસાર દુઃખમય...દુઃખવર્ધક
અને દુઃખફલક છે...
પણ મને ચિંતા નથી... મને ભય નથી...
હું નિર્ભય... અભય... નિશ્ચિંત છું...
કારણ
મારી જીવન નૌકાનું

**સુકાન**

તારા હાથમાં છે...
તું સાથે હોય તો જંગલમાં પણ
મંગલ છે...
તોફાનમાં સમાધિ છે...
દુઃખમાં શાંતિ છે...
અને જો તું દૂર છે... તો
સુખમાં ય સમાધિ નથી.
અનુકૂળતામાં પણ શાંતિ નથી...
બસ ! વચન આપી દો,
તનથી... મનથી
મને ક્યારેય દૂર
કરશો નહિં...





## નિરહંકારી નિખાલસ હૃદયી

સુસાધ્વી રત્ના પ.પૂ. નિર્મળપ્રભાશ્રીજી મ.સા.

જેઓશ્રી પાલાણી મહારાજના નામથી વધારે જાણીતા હતા...

એમના સુપુત્ર શ્રી દેવજીભાઇ નેણશી પાલાણીએ પૂ. માતુશ્રી મહારાજની સ્મૃતિમાં વર્સોવામાં એક સુંદર હોલ સામાજીક એવં ધાર્મિક કાર્યો માટે બનાવ્યો...

એના ઉદ્‌ઘાટન પ્રસંગ અતિ આગ્રહભરી વિનંતી થતાં સાહેબજી સાથે પધારવાનું થયું. સવારના ઉદ્‌ઘાટન વિધિ સાનંદ સંપન્ન થયો.

બપોર પછી વિહાર કરવાનો હોઇ પૂજ્યશ્રીને વંદન કરી વિહારની ભાવના દર્શાવવા એ જ સ્થાનમાં ગયા. વંદનાદિ વિધિ બાદ એમ જ ચર્ચા ચાલતી હતી. શ્રાવક-શ્રાવિકાઓ આવતા જતા હતા.

ત્યાં અચાનક એક યુવાન દોડતો... દોડતો આવ્યો...

ગુરૂદેવના ચરણોમાં નમી પડ્યો... ‘‘સાહેબજી ! આપની કૃપાથી બચી ગયો... નહિ તો આજે મરણ-શરણ થઇ જાત...’’

પૂજ્યશ્રીએ પ્રેમથી મસ્તકે હાથ ફેરવતા પૂછ્યું - ‘‘એવું તે શું બની ગયું? હજી હમણાં જ તો તું અહિંથી ગયો ?’’

આવનાર યુવાને કહ્યું - ‘‘સાહેબજી ! આપને વંદન કરી... વાસક્ષેપ લઇ અમે થોડાં જ સમય પહેલા આપની પાસેથી નિકળ્યા... ગાડી લઇને ઘેર જતાં મુખ્ય માર્ગ ઉપર ચઢવા જતાં જ અકસ્માત થયો... સામે ટેન્કર હતી.. સ્પીડમાં હતી... જોરથી અમારી ગાડી સાથે ટકરાણી... ગાડીના ફુરચે ફુરચા ઉડી ગયા... ગાડીની હાલત જોનાર એક જ કલ્પના કરે, ગાડીમાં બેસનાર કોઇ જ બચ્યો નહિ હોય... પણ આપને જાણી આશ્ચર્ય થશે કે અમારામાંથી એક ને પણ ઇજા થઇ નથી... આ તો એક ચમત્કાર થયો છે... આપશ્રીના આશીર્વાદ અને કૃપા કામ કરી ગઇ છે.’’

ફરીવાર યુવાન શ્રદ્ધાપૂર્વક ગુરૂદેવના ચરણોમાં નમી પડ્યો.. ગુરૂદેવ કહી રહ્યા હતા.. ‘‘તમારૂં આયુષ્ય કર્મ મજબૂત હશે અને પુણ્ય જબરૂં હશે એટલે બચી ગયા છો... હવે વધારે ધર્મ આરાધના કરજો.’’

આવા તો કેટલાય પ્રસંગો ગુરૂદેવના જીવનમાં બન્યા છે પણ એમણે ક્યારેય ચમત્કારોની વાતો કરી નથી... શિષ્ય પરિવારને કરવા દીધી નથી.



*મારું - મારું કરતાં ઘણીવાર મર્યા*
*વોસિરે... વોસિરે...*
*કરતાં મરશું તો મરણ સમાધિમય બનશે.*





# સાથ અને હાથ...

જીવનની સર્વ પ્રકારની સમૃદ્ધિ...
યશ-કીર્તિ... અને સફળતા પાછળ...
**સદ્ગુરૂ**નો સાથ અને હાથ હોય છે.
સદ્ગુરૂના સાથ અને હાથ વિના
જીવન નિષ્ફળ છે...
નથી દેખાતું સત્ય તમને, તો વિચાર કરો,
જો કુમારપાળ રાજાને,
હેમચંદ્રાચાર્ય ન મળ્યા હોત તો શું થાત ?
હા, કુમારપાળ કદાચિત પૂર્વ પુણ્યના બળે
રાજા બની ગયા હોત, પણ
રાજા બન્યા પછી જીવનમાં જે
કાંઇ કરી શક્યા...
જેનાથી જીવન સફળ થયું...
એવી સત્કાર્યોની પરંપરા શું
કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિના શક્ય
બનત ?
પરમ અહિંસાના ઉપાસક પરમાર્હત્
જિનભક્ત
બનાવવાનું શ્રેય સદ્ગુરુના ફાળે જાય છે.
મળ્યા **સદ્ગુરુ** ! શરણુ સ્વીકારી લો,
જીવન ધન્ય બની જશે... મરણ
સમાધિમય બની જશે...
પરલોક સદ્ગતિમય બની જશે...



# સંઘ એકતાના ઈચ્છુક

૨૯ એપ્રિલ ૨૦૦૧નો દિવસ...

પૂજ્યપાદ તપસ્વીરત્ન અનંત-છાયા (ઘાટકોપર) પધાર્યા...

શ્રી સંઘમાં આનંદ - આનંદ છવાઈ ગયો...

સાંજે પૂજ્યશ્રીને વંદન કરીને વાતો કરતા પ.પૂ. ગુરૂવર્યા સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.એ ગચ્છાધિપતિશ્રીને કહ્યું - સાહેબજી ! સા. જયદર્શિતાશ્રીજી, સંસારી અવસ્થાથી શ્રીમદ્ રાજચંદ્રના જ્ઞાનમંદિર સાથે જોડાયેલા છે. એમ જ્યારે જ્યારે અહિં અનંત છાયામાં આવીએ છીએ અહિંના કાર્યકર્તા અને આરાધકો સદા પ્રવચનાદિ માટે આગ્રહી હોય છે. પરમ ઉપકારી પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પાસેથી રજા લીધેલ અને એમણે રજા આપી હતી. હાલ આપશ્રી મુંબઈ છો એટલે આપશ્રીની રજા લેવી જરૂરી છે. આપશ્રી અહિંથી વિહાર કરી આગળ પધારશો એટલે અમારે પ્રવચન માટેનો જવાબ આપવો પડશે.

પૂજ્યપાદશ્રીએ કહ્યું -''પ્રવચન આપવું એ સાધુનું કર્તવ્ય છે. એ માટે ના પાડી શકાય નહીં. પણ વ્યવહારનય-નિશ્ચયનય સાથે રાખશો.''

ગુરૂદેવ તરફથી મળેલ ટૂંકો પણ માર્મિક જવાબ એમના જીવનની દીર્ઘદ્રષ્ટિ અને ઉદારતા સ્પષ્ટ કરે છે. સાધુ સ્કુલમાં... હોસ્પિટલમાં... જેલમાં પ્રવચન આપી શકે તેમ અન્ય ધર્મ અને સંપ્રદાયોના સ્થાનોમાં પણ પ્રવચન આપી શકે છે એમાં ક્યાંય અટકવાની જરૂર નથી. જરૂર છે વીતરાગ પરમાત્માના સિદ્ધાંતોને સમજણ પૂર્વક દુનિયાની સામે મુકવાની.

ગુરૂદેવની અનુજ્ઞા અને આશીર્વાદ મળતાં અમને પણ આનંદ થયો, ગુરૂદેવનો ટકોર પણ અમને સતત વધારે જાગૃત બનાવનાર સાબિત થશે.





# ગુરૂદેવ વિના...
# જીવન સૂના...



જ્ઞાતિ શિરોમણી
શેઠ શ્રી નરશી નાથા



પ.પૂ.આ.ભ. શ્રી
રત્નસાગરસૂરિ મ.સા.

જીવન જીવી જાણવું છે ?
માનવ જીવનની મહેક સર્વત્ર ફેલાવવી છે ?
એક જ કામ કરો...
સદ્‌ગુરુની શોધ... અને પછી
સદ્‌ગુરુની શરણાગતિ...
નજર કરો ઈતિહાસ તરફ શું દેખાય છે?
ગૌતમને મહાવીર મળ્યા...
જંબુકુમાર ને સુધર્માસ્વામી મળ્યા...
કુમારપાળ રાજાને હેમચંદ્રાચાર્ય મળ્યા...
આમ રાજાને બપ્પભટ્ટસૂરિ મળ્યા...
વિક્રમરાજાને સિદ્ધસેન દિવાકર મળ્યા...
સમ્રાટ સંપ્રતિને આર્યસુહસ્તિસૂરિ મળ્યા...
લલ્લિગને હરિભદ્રસૂરિ મળ્યા...
જ્ઞાતિ શિરોમણી
શેઠ શ્રી નરશી નાથાને પૂજ્યપાદ
મુક્તિસાગરસૂરિ મળ્યા...
જ્ઞાતિ મુકુટમણી શેઠ શ્રી કેશવજી નાયકને
પૂજ્યપાદ રત્નસાગરસૂરિ મળ્યા...
બેડો પાર થઈ ગયો...
શોધી લે સદ્‌ગુરુને,
સફળ કરી લો
જીવનને !
કારણે
**ગુરુદેવ વિના જીવન સૂના !**



જ્ઞાતિ શિરોમણી
શેઠ શ્રી કેશવજી નાયક





# સદા મગન મેં રહેના

વર્તમાન અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ...

એમનું સંપૂર્ણ જીવન જોતાં આશ્ચર્ય થાય એવું છે...

ઘણી ઘણી કસોટીઓ થઇ...

ઘણા ઘણા કપરા ચઢાણ આવ્યા...

વિપત્તિઓનો વરસાદ વરસ્યો...

પગલે પગલે સમસ્યાઓ ઉભી થઇ...

પરંતુ પૂજ્યશ્રીના જીવનમાં જે સ્થિરતા, ધીરતા જોવા મળતી તે અજોડ હતી.

એકદા પૂજ્યશ્રી એક વિચિત્ર સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. ચારે બાજુ ખોટી ખોટી અફવાઓ ફેલાવવામાં આવી રહી હતી. પૂજ્યશ્રીને માનસિક સંતાપ આપવાના પ્રયાસો કેટલીક વ્યક્તિઓ તરફથી થઇ રહ્યા હતા. આ બધી વાતો સાંભળવા મળતાં સાધ્વીજી ગણને ચિંતા થવા લાગી. કલિયુગનો કેવો પ્રભાવ છે ? સત્યને સહન કરવું પડે... અને અસત્યને માન મળે..

આવા વાતાવરણમાં પૂજ્યશ્રીને મળવાનું થયું...

વંદના કરીને પૂજ્યશ્રીને પૂછ્યું - ''સાહેબજી ! જે કાંઇ બની રહ્યું છે યોગ્ય નથી. આ બધાનું પરિણામ શું આવશે ?''

પૂજ્યશ્રી શાંત હતા... ગંભીર હતા...

ક્યાંય ન હતી અસ્વસ્થતા... ન હતી વ્યાકુળતા...

ધીર - ગંભીર વાણીમાં પૂજ્યશ્રીએ જવાબ આપ્યો...**''જેવું નિર્માણ હશે તેવું પરિણામ આવશે. આપણે આપણી ફરજ બજાવવાની છે... ચિંતા કરવાની નથી.''**

અને ખરેખર સમય વીતતાં દુધનું દુધ... અને પાણીનું પાણી... દુનિયા સમક્ષ આવી ગયું.

અમે અમારા ઉતાવળીયા સ્વભાવ માટે ક્ષોભ અનુભવ્યો.

લાખ... લાખ વંદન આપની ધીરતા... વીરતા... અને ગંભીરતાને !

# ગુરૂ આજ્ઞા

અનાદિ કાળના સંસારમાં... ઘણી વખત દેશવિરતિ સ્વીકારી...
ઘણી વખત સર્વવિરતિ સ્વકારી... ઘણા તપ કર્યા... ઘણા જપ કર્યા...
ઘણા વ્રત પાળ્યા... ઘણા નિયમ સ્વીકાર્યા... પણ
કર્મ ન બળ્યા... ભવભ્રમણ ન ટળ્યા... કારણ ?
જે કર્યુ તે મતિકલ્પનાથી કર્યું...
ગુરુઆજ્ઞાએ અને ગુરુનિશ્રાએ ન કર્યું...
સ્વચ્છંદ ક્રિયાઓ સદા ભવભ્રમણ વધારનારી હોય છે...
ગુરુઆજ્ઞા પૂર્વક કરેલી ધર્મક્રિયાઓ જ તારક બની શકે છે...
કેવું મહાત્મ્ય છે ગુરુપદનું !
આવા સદ્ગુરૂને પામવાનું સદ્ભાગ્યકેવળ માનવીના લલાટે જ
લખાયેલું હોય છે...
આપણી પાસે ફેમિલી ડૉક્ટર છે... આપણી પાસે ફેમિલી વકિલ છે...
આપણી પાસે ફેમિલી સલાહકાર છે..
પણ શું આપણે એવા બડભાગી છીએ કે
આપણી પાસે આપણા
**ફેમિલી સદ્ગુરુ**
પણ છે ?
વિચારી લેજો...


એડવોકેટ



સી.એ.


ફેમીલી ડોક્ટર


ફેમીલી ગુરૂ



પર્વાધિરાજ પર્વની પૂર્ણાહુતિ થઇ... વંદનાર્થે સંઘો અને શ્રાવક - શ્રાવિકાઓનું આવાગમન ચાલુ થયું... એક પુણ્યશાળી વંદનાર્થે આવ્યા... અમે ધન્ય બની ગયા... અમે પાવન બની ગયા... એમ બોલતાં વારંવાર અનુમોદના કરવા લાગ્યા...

એમને પૂછ્યું - ''એવું તે શું બની ગયું કે તમે ધન્ય બની ગયા... પાવન બની ગયા...?

બાજુમાં બેઠેલા ભાઇએ મજાક કરી ''શું થયું લોટરી લાગી કે કોઇનો ડલ્લો મળી ગયો ?''

ત્યાં તો ભાઇ બોલી ઉઠ્યા - ''તમારે મન લોટરીનો કે ડલ્લાનો જે લાભ છે એના કરતાં અનેક ગણો અણમોલ લાભ અમને મળ્યો છે... તમે એનો અંદાજ પણ ન લગાડી શકો.''

હવે પેલા બાજુમાં બેઠેલા ભાઇને પણ રસ જાગ્યો... એમને શું લાભ થયો એ જાણવાની પ્રબળ જિજ્ઞાસા થઇ અને કાંઇક ગંભીર બનતાં કહ્યું - ''ભાગ્યશાળી ! જણાવો તો ખરા તમને એવો શું લાભ થયો... સાંભળીને અમે પણ ધન્ય બની જઇએ ?''

વંદનાર્થે આવેલા પુણ્યશાળી ભાઇએ કહ્યું - ''આપ તો જાણો છો કે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીનું ચાતુર્માસ અમારા માટુંગા નગરે છે. ચાતુર્માસ પ્રવેશથી તપસ્વીરત્નનો તપપ્રભાવ શ્રી સંઘ ઉપર પડ્યો અને માટુંગા નગરે રેકોર્ડરૂપ તપ આરાધનાના મંડાણ થયા. કલ્પના પણ ન કરી શકીએ. એવી એવી વ્યક્તિઓ બ્યાસી-બ્યાસી દિવસના ધર્મચક્ર તપમાં જોડાઇ ગયા અને નિર્વિઘ્નપણે સહુની સાધના ચાલુ છે.

પર્વાધિરાજ પર્વ અનેરા ઉલ્લાસભાવ સાથે ઉજવાયા એમાં પણ પર્વાધિરાજ પર્વના અંતિમ દિવસે... સંવત્સરીના દિવસે તપસ્વીરત્નના મુખે બારસા સૂત્રનું વાંચન થયું. તપસ્વીરત્નના મુખે બારસા સૂત્ર સાંભળવું એ ખરેખર જીવનનો એક અણમોલ લહાવો છે. શાંત અને ગંભીર વદનમાંથી ધીમે ધીમે... સ્પષ્ટ... શુદ્ધ શબ્દોમાં વહેતી બારસાસૂત્રની જિનવાણી જાણે મંત્રસમાન ભાસતી હતી... સભા શાંતિપૂર્વક મંત્રમુગ્ધ બનીને એ વાણીનું પાન કરી રહી હતી. જિનવાણીને અમૃતના પ્યાલાની જે ઉપમા આપવામાં આવે છે એની અમે સાક્ષાત એ પળોમાં અનુભૂતિ કરી છે.''

ક્ષણવાર અટકીને આગળ વધતાં કહ્યું - ''મહારાજ ! અમારા નેત્ર ધન્ય બન્યા... અમારા કાન પવિત્ર થયા... અમારૂં હૃદય નિર્મળ... અમારૂં જીવન સફળ થયું... અમારો ભવ લેખે લાગ્યો...'' બોલતાં બોલતાં ભાઇ ગદ્‌ગદ્ થઇ ગયા... એમની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યા.

કેવી હશે એ પળો... ? કેવી હશે એ ક્ષણો... ?



પાપનો નાશ... પુણ્યનો બંધ...
અને કર્મ નિર્જરા
ના માર્ગે ચઢાવનાર સદ્‌ગુરુ છે.



# સલામતી...



રાત થઇ ગઇ હતી... અંધારું ઘનઘોર છવાયું હતું...
જંગલ ભયાનક હતું... પંથ અજાણ્યો હતો...
અહિંસક પ્રાણીઓનો અવાજ ધ્રુજાવી રહ્યો હતો...
ચોર-લુંટારાની સંભાવના કંપાવી રહી હતી...
શું કરવું ? ક્યાં જવું ? કશું સમજાતું ન હતું...
ત્યાં અચાનક પ્રકાશ દેખાયો... સામેથી કોઇ આવતું હોય એવું લાગ્યું.
ત્યાં એણે સાદ પાડ્યો... વત્સ ! આવીજા આ બાજું...
અહીં તારી સલામતી છે... તું જે દિશામાં જાય છે ત્યાં
તારી કોઇ સલામતી નથી... મન દ્વિધામાં હતું..
માનવું ?... ન માનવું ?... કોણ હશે એ ?
ત્યાં તો તમે મારી પાસે આવી પહોંચ્યા...
મારો હાથ પકડી લીધો... મને સાથ મળી ગયો...
હું નિર્ભય... સલામત બની ગયો...

**ગુરુદેવ !**

ભવજંગલમાં ભટકી રહ્યો છું... અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાયો છું..
રાગ-દ્વેષ-મોહમાં મુંઝાયો છું... આવો... મને બચાવી લો...
મારો હાથ પકડી લો... મને ભવ અટવી પાર કરાવી દો...
નહિં ભૂલું ઉપકાર !




# સાદગીના સ્વામી

થોડા વર્ષો પૂર્વે ની વાત છે...પ્રાયઃ વડોદરાના પ્રતિષ્ઠા પ્રસંગ બાદ પૂજ્યશ્રી કચ્છ તરફ જઈ રહ્યા હતા.

સવારનો ૯-૦૦ થી ૯-૩૦ સમય હતો...

એક યુવાન ભાઈ વંદનાર્થે આવ્યા...

હમણાં જ શ્રી શંખેશ્વર તીર્થની યાત્રા કરીને આવ્યા હતા. યાત્રાની વાતો કરતાં કરતાં એમણે કહ્યું - ''મહારાજ સાહેબ ! પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રી પણ ત્યાં બિરાજમાન હતા. એમના દર્શન-વંદનનો પણ લાભ મળ્યો.''

અમે પૂછ્યું - ''કેમ હતા સાહેબજી ? બરાબર શાતામાં હતા ?''

જવાબ આપતા યુવાને કહ્યું - ''સાહેબજી, બરાબર હતા. સુખ શાતામાં હતા. તબિયત સારી હતી.''

પછી આગળ કહ્યું - ''સાહેબજી, ગચ્છાધિપતિ પદે હોવા છતાં કેટલા સરળ છે ? કેવું સાદગી ભરેલું જીવન છે ? આવા મહાત્મા વિરલ હોય છે...''

આવેલા યુવાનને પૂછ્યું - ''તમને એવો શું અનુભવ થયો ?''

ત્યારે યુવાને કહ્યું - મહારાજ સાહેબ ! હું જ્યારે એમને વંદન કરવા ગયો ત્યારે મેં ઉપાશ્રયમાં જે દ્રશ્ય જોયું એ એની સાબિતી છે... હું ઉપાશ્રયમાં ગયો ત્યારે અન્ય સાધુ - મુનિરાજો કાપ કાઢી રહ્યા હતા (કપડા ધોઈ રહ્યા હતા) અને આપણા ગચ્છાધિપતિશ્રી કપડા સુકવી રહ્યા હતા... મેં તો ટકોર પણ કરી ''આપ આવું કામ કરો એ ઠીક નથી લાગતું'' ત્યારે એમણે કહ્યું સમય આવે તો માણસે બધું કરતાં શીખવું જોઈએ. કોઈ કાર્યમાં નાનપ ન અનુભવવી જોઈએ.''

ગચ્છાધિપતિને તો શું પણ આચાર્ય ભગવંતને પણ આવા કાર્ય કરતા જોવું એ મારા માટે પ્રથમ પ્રસંગ હતો. એ પ્રસંગ જોયા પછી ગુરૂદેવ માટે અંતરમાં વધારે બહુમાન ભાવ જાગૃત થયો છે. આવી સાદગી જો જિનશાસનના સર્વે પદસ્થોમાં આવી જાય છે. શાસનનો દીવડો વિશેષ પ્રકાશથી ઝળહળી ઉઠે એમાં ક્યાંય શંકા નથી.

ગુરૂદેવની સાદગી અને સરળતાની અનુમોદના કરતા પ્રસંગને સાંભળી એમ પણ નત મસ્તક બની ગયા.

# સદ્ગુરુના હૃદયમાં...




આ અવસર્પિણી કાળ છે... દુષમ આરો ચાલે છે...
ભવોદધિ તારક તીર્થંકર પરમાત્મા આપણી પાસે નથી...
કેવળજ્ઞાની મહાત્મા નથી... શ્રુતકેવળી પણ નથી...
મનઃપર્યવજ્ઞાની નથી... પરમ અવધિજ્ઞાની પણ નથી...
પણ સાધક, કેમ ભૂલ્યો ? પાંચમા આરાના અંત સુધી
'ક્ષાયિક સમકિતિ' અને એકાવતારી મહાત્મા થવાના છે...
એવા મહાત્માઓનો...
સદ્ગુરુ ભગવંતોનો તને યોગ મળી શકવાનો છે...
તારી સર્વ નિરાશા દૂર કર... હતાશાને ખંખેરી નાખ...
તારક તીર્થંકર પરમાત્માની વાણીરૂપ અમૃત છે...
સદ્ગુરુના મુખે એનું પાન કરતો જા.
તારું મિથ્યાત્વ મંદ પડશે... તને સાચો માર્ગ સમજાશે...
એ માર્ગે આગળ વધવાનું સામર્થ્ય પ્રાપ્ત થશે...
સદ્ગુરૂ પાસેથી જે માર્ગ પામ્યા તે ભવસાગર તરી ગયા...
સ્વચ્છંદે ચાલ્યા તે ડૂબી ગયા...
માર્ગ ભલે શાસ્ત્રોમાં છે પણ એનું રહસ્ય તો માત્ર
**સદ્ગુરૂના હૃદયમાં જ છે.**



# વાત્સલ્ય વારિધિ

કચ્છની દૌલત... બહુંતેર જિનાલય મહાતીર્થ...
પ્રતિષ્ઠાનો અણમોલ અવસર... સર્વત્ર આનંદ - આનંદ છવાયો હતો...
ગુરૂદેવનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું હતું... કોને હર્ષ ન હોય ?
આવા અપૂર્વ અવસરે તપ - જપના યજ્ઞ મંડાયા હતા.
કોઇ ઉપવાસ કરી રહ્યા હતા... કોઇ આયંબીલ કરી રહ્યા હતા...
મહા કર્મનિર્જરા અને પુણ્યબંધની કમાણી કરી રહ્યા હતા.
આવા અવસરે પૂજ્યપાદ ધર્મપ્રભસાગરજી મ.સા. પણ કેમ રહી જાય?
તેઓ શ્રી પણ તપયજ્ઞમાં જોડાયા... એક ઉપવાસ... બે ઉપવાસ... અટ્ઠમ...
અટ્ઠાઇ... સોળભત્તો... ગાડી આગળ વધવા માંડી, ભર ઉનાળામાં માસક્ષમણની તપસ્યા કરી...
તપની પૂર્ણાહૂતિ થઇ... પારણાનો દિવસ આવ્યો...
પારણાની પાવન પળ આવી... શ્રાવકોએ વહોરાવીને લાભ લીધો...

બહુંતેર જિનાલયના ઉપાશ્રયમાં મુનિરાજને પારણું કરાવવા શ્રમણ-શ્રમણી વૃંદ ભેગું થયું... ત્યાં ગચ્છાધિપતિ આવ્યા... મગ - કેરના પાણીની પાત્રી હાથમાં લીધી... નવકાર ગણી એક હાથથી પાત્રીથી તપસ્વી મુનિરાજને પારણું કરાવતા રહ્યા તો એમનો વાત્સલ્ય નિતરતો બીજો હાથ મુનિરાજની પીઠ ઉપર અને મસ્તકે ફરી વળ્યો. જોનારને ઈર્ષ્યા આવી જાય એવો એ પ્રસંગ હતો... એવી એ ઘડી હતી...

આજે પણ એ પ્રસંગ યાદ આવે છે અને પ્રેમ-સ્નેહ વરસાવનારા... વાત્સલ્યની ધારા વહેડાવનારા ગચ્છાધિપતિશ્રીજીની મુખાકૃતિ સ્મૃતિપટ પર જાગૃત થાય છે.

# મારે પણ... તારે પણ...

આપણે અનાદિકાળથી સંસારમાં
જન્મ-મરણના ફેરા ફરીએ છીએ.. શા માટે ?
ધર્મ નથી કર્યો માટે ? ના... ના... એવું નથી...
ધર્મ કર્યો હશે પણ સદ્‌ગુરુના ચિંધેલા માર્ગે નહિં...
આપણે ઘણીવાર બોલીએ સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું...
કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું... પણ જ્યાં સુધી આ વાતને
જીવનમાં ઉતારીએ નહિં ત્યાં સુધી બધું જ નિષ્ફળ છે...
સદ્‌ગુરુ કદાચ મારે પણ ખરા અને સાથે તારે પણ ખરા...
કુગુરુ કદાચ મારે નહિં... તો તારે પણ નહિં...
યાદ કરો પેલા ચંડરૂદ્રાચાર્યના નવદિક્ષિત અણગારને
અચાનક રમત રમતમાં સદ્‌ગુરુ મળ્યા... સદ્‌ગુરુનો માર
મળ્યો... મીઠો લાગ્યો... હસતાં હસતાં સહન કર્યો...
પરિણામ ? કેવળજ્ઞાનનું બક્ષિસ મળ્યું...
જે દિવસે સદ્‌ગુરૂનો ઠપકો કે થપ્પડ મિઠી
લાગશે તે દિવસે આપણું કામ થઇ જશે.
ક્યારે આવશે એ દિવસ ?





# નમ્રતાના નાથ

સંધ્યાનો સમય હતો...

ઉપાશ્રયમાં ચહલ - પહલ હતી...

મહાત્માઓ પોતાના કાર્યોમાં લીન હતા...

કોઈ સ્વાધ્યાય કરી રહ્યા હતા...

કોઈ જાપ જપી રહ્યા હતા...

કોઈ પડિલેહણ... વંદનાદિ કરી રહ્યા હતા...

કોઈ આવેલા શ્રાવકો સાથે જ્ઞાનગોષ્ઠિ કરી રહ્યા હતા...

ત્યાં કોઈ મુનિવરની દૃષ્ટિ પડી.. એમણે સાધ્વીજી વૃંદને વંદનાર્થે આવતા નિહાળ્યા...

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી સમક્ષ કંઈક અણગમાથી કહ્યું... ''સાધ્વીઓ આવે છે...''

પૂજ્યશ્રીના કાને શબ્દ પડતાં જ ચમકી ઉઠ્યા... કોણ બોલ્યું ? જાણવા નજર કરી અને તરત ઠપકો આપતા કહ્યું - ''આપણે સાધુ છીએ... આવી ભાષા સાધુની ન હોય...'' ક્ષણવાર થોભીને કહ્યું - ''સાધ્વીજી ભગવંત પધારી રહ્યા છે.'' એમ બોલવું જોઈએ. પંચ પરમેષ્ઠિમાં સાધુપદમાં જ સાધ્વીજી ભગવંતનો પણ સમાવેશ થાય છે. સાધ્વીજી ભગવંતો બધુ ત્યાગીને સંયમ માર્ગની ઉચ્ચ આરાધના કરી રહ્યા છે. સાધુના વચનમાં ક્યારેય તોછડાઈ ન હોય. સાધ્વીજી ભગવંતો માટે બહુમાનવાચી શબ્દ પ્રયોગ જ કરવો જોઈએ.''

મુનિભગવંતને પોતાની ભૂલનું ભાન થયું. નીચી નજરે ઠપકો સહન કરી પોતાની ભાષા સુધારી.

મોટાઓની આ મહાનતા છે... એમના જીવનમાં સહુની સાથે આદરપૂર્વકનો વ્યવહાર જોવા મળે છે... એમની ભાષા સમૃદ્ધિ અનોખી છે... ભાષાશુદ્ધિ આપણા હૃદયને સ્પર્શી જાય એવી છે.



# ગુરુ ભક્તિ...

ભગવાન મહાવીર સ્વામીને
તીર્થંકર પદ સુધી પહોંચાડનાર કોણ ?
સ્વીકારવું પડશે નયસારના
ભવમાં એણે કરેલી ગુરુભક્તિ
કમનસીબી છે આપણી... કે
આપણે શિખરને જોઇ શકીએ છીએ... પણ
શિખરને સ્થિરતા અને
મહાનતા આપનાર પાયા તરફ
આપણી નજર પહોંચતી જ નથી...
મહાવીરના ગુણગાન કરનાર આપણે...
મહાવીર જેવા બનવા મથામણ કરતા આપણે
એકડો ઘુંટ્યો એમ ક્યારે કહેવાશે ?
જ્યારે આપણે આપણા હૃદયમાં નયસાર જેવી
**'ગુરૂભક્તિ'**
જગાડી શકીશું... પ્રગટાવી શકીશું...
ચાલો, નજરની સામે નયસારને રાખી...
ખાતાં-પિતા... ઉઠતા-બેસતા
જાગતાં-ઉંઘતા... હાલતા-ચાલતાં...
સદ્ગુરૂનું સ્મરણ કરીએ.... સદ્ગુરૂનું રટણ કરીએ...
દિવાલ પર લટકાવવાને બદલે...
**ગુરુદેવને**
દિલમાં ભક્તિથી પધરાવીએ...
ધન્ય ઘડી... ધન્ય પળ...



## નિર્દોષ
# ગોચરી ચર્યા

ઘાટકોપર નગરે... શ્રી જીરાવલ્લા જિનાલયે...

સવારનો સમય હતો... નવકારશી વાપરીને ગચ્છાધિપતિશ્રી પાસે જવાનું થયું...

ગચ્છાધિપતિશ્રી પાસે સંઘના કાર્યકર્તાઓ બેઠા હોઇ ગણિવર્યશ્રી પાસે વંદન કરી બેસવાનું થયું... ગણિવર્ય કાંઇક અસ્વસ્થ જાણતા હતા...

કારણ પૂછતા કહ્યું – ‘‘ગોચરીમાં મજા નથી આવતી.’’ ‘‘કેમ ? અનુકુળ ગોચરી નથી મળતી ?’’

‘‘ના... ના... એમ નથી. આજકાલ ગોચરીની પદ્ધતિ બદલાઇ ગઇ છે. અમે નાના હતા દીક્ષા લીધી ત્યારે ગચ્છાધિપતિશ્રીએ એમને જે પદ્ધતિ શિખવાડી હતી... સાથે ગોચરી લઇ જઇ સમજાવતા. એ વિધિપૂર્વક ગોચરીમાં જે આનંદ આવતો... અપ્રમત્ત આરાધના થતી એ મજા હવે નથી આવતી.’’

ગચ્છાધિપતિશ્રી જણાવતા પ્રથમ ગોચરીની વસ્તુઓ તપાસવી...

સુઝતા... અસુઝતાનો ખ્યાલ કરવો... ભક્ષ્યાભક્ષ્યનો વિવેક કરવો...

વસ્તુ કેટલી છે ?... ઘરમાં કેટલા જણા છે ?... વહોરાવનારના ભાવ કેવા છે ?...

આ બધું વિચારીને... વધારે ને વધારે ઘરોને લાભ આપી શકાય એવી રીતે ગોચરી લાવવી...

પૂજ્યશ્રી ગોચરી લાવતા ત્યારે પ્રાયઃ પાત્રમાં આખી રોટલી ન મળે...

નિર્દોષ ગોચરી, સંયમ શુદ્ધિ એવં સુંદર સાધના માટે અતિ આવશ્યક છે.

નિર્દોષ ગોચરી ચર્યાના સ્વામી ગુરૂદેવને વારંવાર વંદના...



દુનિયા કહે છે – ‘‘જેની પાસે ભોગ સામગ્રી વધારે તે સુખી.’’
ધર્મ કહે છે – ‘‘જેની જરૂરીયાત ઓછી તે સુખી.’’ આપણો નંબર ક્યાં ?






# ગુરુનું સ્થાન...

ગુરુનું સ્થાન ક્યાં છે ? બરાબર વચ્ચોવચ્ચ...
એક બાજુ દેવ છે... બીજી બાજુ ધર્મ છે...
બન્નેની વચ્ચે ગુરુનું સ્થાન છે... ઘણું જ મહત્વનું... ઘણું જ અગત્યનું... કારણ
સાધકને દેવ અને ધર્મ સાથે જોડનાર કડી છે ગુરુ...
જેની પાસે સદ્ગુરુ નથી... એની પાસે દેવની સંભાવના નથી...
એની પાસે ધર્મની સંભાવના નથી...
જાગીજા... કામે લાગી... દેવ અને ધર્મની સાથે
મજબૂત સંબંધ બાંધવા... કાયમી અતૂટ નાતો જોડવા...
સદ્ગુરૂના શરણે ચાલ્યો જા...
અપેક્ષાએ દેવ કરતાં પણ ગુરુનું સ્થાન અગત્યનું છે...
સાચા ગુરુ વિના દેવનું સાચું સ્વરૂપ સમજતું નથી...
સાચા સદ્ગુરુ વિના ધર્મનો મર્મ પામી શકાતો નથી...
દેવ અને ધર્મના મર્મને ન સમજનાર ક્યારે પણ
સદ્ધર્મનું આચરણ કરી શકતો નથી.
તારક ધર્મને પામવા ચાલો, સદ્ગુરુ પાસે જઈએ...



# શાસનના હિરા

કચ્છની ગૌરવવંતી ભૂમિ...

કોડાય ચોકડી ઉપર આવેલું બહુંતેર જિનાલય મહાતીર્થ...

ભાવ-ભક્તિ અને શાંતિનો ત્રિવેણી સંગમ...

માર્ગ ઉપરથી પસાર થતા મુનિવરો ત્યાં પધાર્યા...

દર્શન કરી... અલ્પ વિશ્રામ કરી... બે-ત્રણ કલાકમાં વિહાર કરવાની ભાવના હતી...

દર્શન કરવા મુનિવરો પધાર્યાની જાણ થતાં ઉપાશ્રયમાં બિરાજમાન ગચ્છાધિપતિશ્રીએ સહ મુનિવરોને એમને ઉપાશ્રયમાં પધારવા વિનંતી કરવા મોકલ્યા.

મુનિવરો ઉપાશ્રયમાં પધાર્યા... એમનું ભાવભીનું સ્વાગત થયું...

રોકાઇ જવા આગ્રહભરી વિનંતિ થઇ...

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજી સાથે પૂજ્ય જયભદ્રવિજયજી મ.સા. તથા પૂજ્ય સોમસુંદરવિજયજી મ.સા.નો પ્રથમ પરિચય હતો. પૂજ્યશ્રીની સરળતા... નિખાલસતા જોઇ તેઓશ્રી અત્યંત પ્રભાવિત થયા. સામાન્ય સાધુ ભગવંત સાથે પણ નમ્રતા અને પ્રેમ ભર્યો વ્યવહાર જોઇને ત્રણ કલાક સ્થિરતા કરવા આવેલા મુનિવર્યો ત્રણ દિવસ રોકાઇ ગયા.

સમગ્ર કચ્છ ગચ્છ અને શાસન ઉપર સતત વાત્સલ્યનો ધોધ વરસાવતા પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના ચરણોમાં અગણિત વંદના.



સંસાર રૂપી દાવાનળને શાંત કરવાની શક્તિ ધર્મ વિના વીતરાગ વિના ક્યાંય નથી.



## ટાંકણા...

જ્યાં ત્યાં રખડતો પથ્થર...
શિલ્પીના હાથમાં આવ્યો...
પોતાની કુશલતા કામે લગાડી...
પથ્થરનો ઘાટ ઘડવા બેઠો...
જેમ જેમ ટાંકણા પડવા માંડ્યા...
તેમ તેમ એનું રૂપ બદલાતું ગયું...
મહિનાઓ સુધી ટાંકણા સહન કરતાં એમાંથી
અત્યંત સુંદર અપ્રતિમ પ્રતિમાજીનું નિર્માણ થયું...
પત્થરમાંથી પ્રતિમા બની... કોણે બનાવી ?
કેવી રીતે બનાવી ? શિલ્પીએ ટાંકણા માર્યા...
પત્થરે ટાંકણા સહન કર્યા... બન્નેનો ફાળો અદ્ભૂત છે...

**ગુરુદેવ !**

હું જ્યાં ત્યાં અથડાતા નકામા પથ્થર જેવો છું...
આપ મહાન શિલ્પી છો...
મારે પ્રતિમાનું સ્થાન પામવું છે...

**ગુરુદેવ !**

ઉપાડો હથોડી... કરી દો ટાંકણા મારવાનો શુભ પ્રારંભ...
પણ એથી પહેલા, આપી દો આશીર્વાદ... કે આપના મારેલા
ટાંકણાને સહન કરવાની મને શક્તિ મળી જાય...
ભવ ફેરા ટળી જાય... જીવન ધન્ય બની જાય...



# વિરાગી મહાત્મા

પ.પૂ. ગુરૂદેવ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા...

પદ - પ્રતિષ્ઠા અને પ્રલોભનથી સદા દૂર રહ્યા છે...

શાંતિપૂર્વક સંયમ જીવનની આરાધના કરવી અને ગુરૂ ભગવંતોના કાર્યમાં સહાયક બનવું એ એમના જીવનનો મુદ્રાલેખ હતો.

નાના બનીને રહેવામાં એમણે ગૌરવ અનુભવ્યો હતો...

પ.પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. એવં સંઘોએ વારંવાર વિનંતિ કરવા છતાં પણ એમણે કોઇ પણ પદ સ્વીકારવાનો સ્પષ્ટ ઇન્કાર જ કર્યો હતો. અંતે ગુરૂ આજ્ઞા અનિચ્છાએ તહત્તિ કરવી પડી હતી. શ્રી સંઘના અતિ આગ્રહ આગળ ઝુકવું પડ્યું હતું અને મહા વદ ૩ સંવત ૨૦૩૨ ના ભૂજ નગરે ઉપાધ્યાય પદ ગ્રહણ કરવું પડ્યું હતું.

સંયોગોને આધીન થઇને ગુરૂઆજ્ઞાએ વૈશાખ સુદ - ૩ સંવત ૨૦૩૩ના મકડા નગરે આચાર્ય પદ ગ્રહણ કરવું પડ્યું હતું.

કોઇ પણ પદવીની ક્યારેય અપેક્ષા રાખી ન હતી છતાં સમયે સમયે અનાયાસે એમને પદવી મળી હતી. પણ તેઓ ક્યારેય પદ અને પ્રતિષ્ઠાના મોહમાં ફસાય ન હતા. સદા આવી બધી બાબતોથી દૂર રહ્યા હતા.



જો પોતાના દોષો શોધશો... પ્રાયશ્ચિત લેશો...
દોષોના ભારમાંથી મુક્ત થશો... તો હળવાશ અનુભવશો.





## સહુ જીવ હિતચિંતક

ગુરૂ આજ્ઞાએ આચાર્ય પદે આરૂઢ થયા...

સંઘ આજ્ઞાએ ગચ્છાધિપતિ પદ સ્વીકાર્યું...

પદનું મમત્વ નથી પણ જે પદ સ્વીકાર્યું એને વફાદાર રહીને શાસન અને ગુરૂ પરંપરા સમુદાયની શોભા વધારવા સતત જાગૃત છે.

પોતાના આશ્રયે આવેલાઓના આલોક-પરલોક કલ્યાણ માટે સાવધાન છે.

સારણા... વારણા.. ચોયણા... પડિચોયણા દ્વારા સાથેના મુનિઓને તૈયાર કરે..

ક્યાંય સાધુની ભૂલ જણાય તો ત્યારે મૌન રહે પણ ગોચરી માંડલી અથવા પ્રતિક્રમણ માંડલીમાં સાધુને વાત્સલ્ય અને પ્રેમથી એની ભૂલ સમજાવે... સાચી દિશા બતાવે... જરૂર પડે તો કડક શબ્દોમાં ઠપકો પણ આપે...

આશ્રિત સાધુ બિમાર પડે તો એની ચિંતા પણ એટલી જ કરે.

જિનાજ્ઞા પાલન માટે કડક બનનારા અંદરથી એટલા જ પ્રેમાળ છે...

સહુ જીવ હિતચિંતક સૂરિરાજને સદા મોરી વંદના...







# જીવદયા પ્રેમી

કચ્છના ધરતિકંપના સમાચારથી ચિંતિત થયેલા ગુરૂદેવે સર્વ સંઘોને સર્વ પ્રસંગો અત્યંત સાદગીથી ઉજવવા સમજાવ્યા.

પણ મુંબઇના સર્વ સંઘોમાં ગુરૂદેવના મુંબઇ પ્રવેશને ભવ્યાતિભવ્ય બનાવવાની ભાવના હતી. પૂજ્યપાદ આચાર્ય ભગવંતના કહેવાથી અનિચ્છાએ પ્રસંગને અતિ સાદગી પૂર્વક મનાવવાનું નક્કી થયું. છતાં જે માનવ મહેરામણ ઉમટ્યું હતું એ અકલ્પનીય હતું. કદાચ અચલગચ્છના ઇતિહાસનો આ એક વિરલ પ્રસંગ હતો.

સહુના હૃદયમાં ''ગુરૂ-ભક્તિ''ના ભાવ ઠાંસી ઠાંસીને ભરેલા હતા.

પૂજ્યશ્રીને સબહુમાન કામળી વહોરાવવાનો પ્રસંગ આવ્યો... ગુરૂદેવે સ્પષ્ટ શબ્દોમાં એનો ઇન્કાર કરી દિધો. કચ્છની હાલત આવી છે ત્યારે મારાથી કામળી વહોરી શકાય નહીં.

ગુરૂ ઇચ્છા અનિચ્છાએ પણ બધાને સ્વીકારવી પડી.

શ્રી સંઘે અશ્રુભીની વિનંતી કરી - ''ગુરૂદેવ ! આપશ્રી અહિંથી જવાય જ નહિં. અમે તમારી વાત માની હવે આપને પણ અમારી વાત માનવી પડશે. અમારે બીજો કોઇ નહીં તો ગુરૂ પૂજનનો લાભ તો આપવો જ પડશે.''

ગુરૂદેવ, સહુને ના પાડવા પ્રયાસ કરવા લાગ્યા. પણ શ્રી સંઘની ઇચ્છાને ગુરૂદેવ ઠુકરાવી ન શક્યા. ગુરૂદેવે વાતનો સ્વીકાર કર્યો. ગુરૂદેવે કહ્યું - ''તમારા સહુના આગ્રહને માન આપી હું ગુરૂ પૂજનનો ચઢાવો બોલવાની રજા આપું છું પણ મારી એક શરત છે ?''

સહુ એકબીજાની સામે જોવા લાગ્યા... ''શું હશે ગુરૂદેવની શરત ?''



અંતે સંઘોના કાર્યકર્તાઓ - ટ્રસ્ટીઓએ ગુરૂદેવને કહ્યું - ''જેમ આપશ્રીની ઇચ્છા હશે તેમજ થશે. આપશ્રી આપની શરત જણાવી દો...''

ગુરૂદેવની શરત શું છે ? સાંભળવા સહુના કાન સતર્ક બન્યા...

જાણો છો ગુરૂદેવે શું કહ્યું ?

કલ્પના તો કરો... શું હશે એમની ઇચ્છા ?

વાતાવરણ શાંત થયું... સહુની નજર ગુરૂદેવ ઉપર સ્થિર થઇ... કાન ગુરૂદેવની વાત સાંભળવા ઉત્સુક બન્યા.

ત્યાં ગુરૂદેવે ધીર... વીર... ગંભીર વાણીમાં કહ્યું - ''કચ્છની હાલતથી તમે સહુ પરિચિત છો... માનવની હાલત એવી છે. છતાં એ ક્યાંકથી ય માંગીને... પોતાની વ્યથા રજુ કરીને જોઇતું મેળવી લેશે પણ આવા અવસરે મુંગા પ્રાણીઓનું કોણ ? એ ક્યાં જશે ?... એમને કોણ જોશે?..

**બસ ! મારી ઈચ્છા એક જ છે આજે જે કાંઇ આવે એ બધું જ આ મુંગા પ્રાણીઓ માટે જીવદયા ખાતે જમા થાય...''**

સાંભળનાર નતમસ્તક બન્યાં... ના, કેવળ મસ્તક જ નહિં અંતર પણ ઝુકી ગયું. ઓ જીવદયા પ્રેમી ગુરૂદેવ ! આપે માંગી માંગીને શું માંગ્યું ?... કોના માટે માંગ્યું ?...

હે કરૂણાના કરનારા... જીવદયા પ્રેમી આપને અગણિત અગણિત વંદન... અને જમા થયેલી માનવ મહેરામણે કરોડો રૂપીયા જીવદયા ખાતે લખાવી અણમોલ લાભ લઇ લીધા.



# મૈત્રી ભાવના

વિહારયાત્રા ચાલુ હતી... કચ્છની વિદાય લઇ... મુંબઇ તરફ પ્રયાણ હતું...

સંઘોની વરસોથી વિનંતિઓ હતી...

શ્રી અનંતનાથ જિનાલયના પ્રતિષ્ઠા પ્રસંગે પધારવા પણ આગ્રહ હતો... ગુરૂદેવ સુરત પહોંચ્યા... છવ્વીસ જાન્યુઆરીનો એ દિવસ હતો... કુદરતી પ્રકોપ થયો... કચ્છની ધરતિ ધ્રુજી ઉઠી...

બે – પાંચ મિનિટમાં બધું હતું નહતું થઇ ગયું... લાખો જીવોએ પ્રાણ ગુમાવ્યા...

અનેક ગામડાઓ આખા ને આખા ગાયબ થઇ ગયા ક્યાંય નામો નિશાન ન રહ્યું...

ઘરો... દુકાનો... નિશાળો... બજારો બધાનું નામો નિશાન ન રહ્યું...

ઘરો... દુકાનો... નિશાળો... બજારો બધું ધારાશયી થઇ ગયું...

નુકસાનીનો આંક આંકી શકાય એમ ન હતો...

કચ્છડાની પ્રજા પુકારી ઉઠી – ‘‘ગુરૂદેવ ! આપ અમને છોડી ગયા માટે આવું બન્યું... આપ અમારી પાસે હોત તો આપના પુણ્યે અમે બચી ગયા હોત.’’

ગુરૂદેવની પાસે સમાચાર પહોંચ્યા... ગુરૂદેવ સ્તબ્ધ બની ગયા... સર્વ જીવ હિતચિંતક ગુરૂદેવને કચ્છડાના સમાચાર મળતાં ક્ષણવાર વ્યથિત થઇ ગયા... હૈયું રડી ઉઠ્યું અને એજ પળે ગુરૂદેવે સર્વ પ્રકાર મિષ્ઠાન્ન આહારનો ત્યાગ કરી દીધો.

એમાં કચ્છ કે ગચ્છ માટેનું મમત્વ ન હતું. જીવમાત્ર માટેની મૈત્રી ભાવના હતી. અંતરમાંથી ઉઠેલી કરૂણા હતી.



# જ્યોતિષ વિજ્ઞાન

દીક્ષા લીધા પછી ગુરૂદેવના કાર્યોની સાથે સાથે જ્ઞાન આરાધના ગુરૂ નિશ્રાએ ચાલુ જ હતી.

એકદા શિષ્યમાં યોગ્યતા જાણીને પૂજ્ય ગુરૂદેવ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પૂજ્ય મુનિરાજ ગુણોદયસાગરજી મ.ને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું – ''ગુણોદયસાગર આજે નવીન વિદ્યાભ્યાસ માટે દિવસ – સમય સારો છે. મારી ઇચ્છા છે તમે જ્યોતિષ અભ્યાસનો આજે પ્રારંભ કરો તો સારૂં.''

ગુરૂદેવની ઇચ્છા જાણીને ''તહત્તિ'' કરી સ્વીકારી ત્યાં જ વંદન કરી વાયણા માટેનો આદેશ લઇ પાઠ લેવા બેસી ગયા...

ગુરૂદેવ ભણાવતા ગયા...

શિષ્ય ભણતા રહ્યા...

અલ્પ સમયમાં જ્યોતિષ વિજ્ઞાન અને ખાસ કરીને મુહૂર્તાદિમાં નિષ્ણાંત બની ગયા.

આજે પણ એમના આપેલા વિહાર ચાતુર્માસ પ્રવેશાદિના મુહૂર્તમાં શ્રદ્ધા રાખી કાર્ય કરવામાં આવે તો અચૂક સફળતા પ્રાપ્ત થાય છે.

અમે તો આવા ઘણાઅનુભવ કર્યા છે.

''હિરા મુખ સે ના કહે લાખ હૈ મેરા મુલ''

આવા મહાન ગુરૂદેવને પામીને આપણે ખરેખર ધન્ય બની ગયા છીએ.







# તપ પ્રભાવક

''પ્રભાવના'' જિન શાસનમાં ઘણો ઘણો પ્રચલિત શબ્દ છે. રોજ-બ-રોજના જીવનમાં વપરાતો... અનુભવાતો શબ્દ છે.

વ્યાખ્યાન હોય... સામાયિક હોય... પ્રતિક્રમણ હોય... તપસ્યા હોય... આ સર્વ અનુષ્ઠાનોની અનુમોદના કરવા અનુષ્ઠાનોમાં ભાગ લેનાર આરાધકોનું કંઇક વસ્તુ દ્વારા બહુમાન કરવામાં આવે છે. એને સામાન્યથી ''પ્રભાવના'' કહેવામાં આવે છે. સામાન્ય અર્થમાં ધર્મના પ્રભાવને વધારનાર અને ધર્મ પ્રત્યે જીવોને આકર્ષિત કરનાર વસ્તુઓની ભેટ અથવા એના દ્વારા સાધકનું બહુમાન એ ''પ્રભાવના''નો સ્થુલ અર્થ છે. ખરા અર્થમાં જિનશાસનમાં આ શબ્દનો ઘણો જ ઉંડો - ગહન અર્થ સમજાવવામાં આવ્યો છે.

વિશ્વમાં જ્યારે ધર્મના પ્રચાર અને પ્રસારની વાતો થાય છે ત્યારે જિનશાસનમાં ''પ્રભાવના''ને મહત્વ આપવામાં આવ્યો છે. પ્રચાર અને પ્રસારમાં ઘણા દુષણો પેસી જવાની શક્યતાઓ છે. અને આજે આવા અનેકાનેક દુષણો ધર્મ પ્રચારના નામે જોવા મળે છે. અન્યાય... અનીતિ... લાલચ... છેતરપીંડી... ધાક-ધમકી આદિઓ દ્વારા ધર્માંતર કરાવવાના કિસ્સાઓ વધી રહ્યા છે. જિનશાસન પ્રચાર અને પ્રસાર કરતાં આચારને વધુ મહત્વ આપે છે.

**आचारो प्रथमो धर्मः ।** વાક્યાનુસાર ''પ્રભાવના''ના અભ્યંતર... આત્મિક... અધ્યાત્મિક રહસ્યને ખુલ્લું કરતાં કહેવાય છે કે -



(१) सम्यग्दर्शनज्ञान चारित्ररत्नत्रय प्रभावेन आत्मान: प्रकाशनं प्रभावनम् ।

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રરૂપી રત્નત્રયીના પ્રભાવથી આત્માને પ્રકાશમાન કરવો એનું નામ પ્રભાવના છે.

(२) विज्ञारहमारुढो मणोरहपएसु भमइ जो चेदा ।

सो जिणणाणपहावी सम्मदिट्ठी मुणेयव्वो ।।

જે આત્મવિદ્યારૂપી રથ ઉપર આરૂઢ થઈને જ્ઞાનરૂપી રથના માર્ગમાં ભ્રમણ કરે તે જિનેશ્વર ભગવાનના જ્ઞાનની પ્રભાવના કરનાર સમ્યગ્દષ્ટિ જીવ છે.

(३) मोहरतिक्षते: शुद्धः शुद्धाच्छुद्धतरस्ततः ।

जीवः शुद्धतमः काश्चिदयस्तीत्यात्म प्रभावना ।।

મોહરૂપી શત્રુનો નાશ કરતાં જઈ શુદ્ધમાંથી શુદ્ધતર અને શુદ્ધતરમાંથી શુદ્ધતમ ભૂમિકા ઉપર પહોંચવાનો પુરૂષાર્થ તે આત્મ પ્રભાવના છે.

આવી ઉત્કૃષ્ટ કોટિની શાસન પ્રભાવના માટે બાહ્ય વસ્તુ અને બહુમાનની આવશ્યક્તા નથી હોતી. અંતરાત્મદષ્ટિને મજબુત કરી સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર અને તપના સહારે આગળ વધવાનું છે. આધ્યાત્મિક વિકાસ સાધવાનો છે. એક વ્યક્તિના જીવનમાં થતો અધ્યાત્મિક વિકાસ અનેક જીવોને ધર્મ પ્રતિ આકર્ષે છે. સત્ય ધર્મની સમજણ અને શ્રદ્ધા પમાડીને એ ધર્મનું આચરણ કરવાની પ્રેરણા આપે છે. અન્ય જીવોની



ધર્મ સાધના જોઈને ધર્મના માર્ગે વળવું... એ ધર્મ કરવો... સ્વેચ્છાએ ધર્મ કરીને એમાંથી આનંદ મેળવવો... આનંદ અનુભવવો એ જ ઉત્તમ કોટિની પ્રભાવના છે. મહાપુરૂષોના હૃદયમાં વિશ્વના તમામે તમામ જીવોને સુખી... આનંદિ... અને દુઃખમુક્ત કરવાની ભાવના હોય છે. તીર્થંકર પરમાત્માને તીર્થંકર પદ સુધી પહોંચાડનાર એવી જ અપૂર્વ ભાવના છે. ''સવિ જીવ કરૂં શાસનરસી.'' આવી ભાવના જીવો પ્રત્યેની નિષ્કારણ કરૂણાના કારણે જ પ્રગટ થાય છે. સર્વ જીવોનું આત્માહિત - આત્મકલ્યાણ થાય એવા મંગલમય ઉદ્દેશથી જ તીર્થંકર પરમાત્માઓ પણ ધર્મતીર્થની સ્થાપના કરે છે અને જ્યાં સુધી આ પૃથ્વીતલ ઉપર વિચરે છે ત્યાં સુધી બે -બે પ્રહર દેશનાનો ધોધ વરસાવે છે.

તીર્થંકર પરમાત્મા પછી પણ તીર્થંકર પરમાત્માનું શાસન લાંબા સમય સુધી ટકેલું રહે છે; એની પાછળ પ્રભાવક બળ કામ કરી જાય છે. આ દુનિયામાં જુનામાં જુની પેઢી કેટલા વરસની ?

૫૦ વરસ... ૧૦૦ વરસ... ૧૫૦ વરસ... ૨૦૦ વરસ.. ૩૦૦ વરસ...

પ્રાયઃ એનાથી વધારે જુની પેઢી વ્યાપારી ક્ષેત્રે કે રાજકીય ક્ષેત્રે તમને જોવા નહીં મળે... પણ આપણા શાસનપતિ શ્રી મહાવીર સ્વામીની પેઢી ૨૫૦૦-૨૫૦૦ વરસ વીત્યા પછી... ઘણા આંધિ અને તોફાનોની વચ્ચે પણ આજે અડિખમ ઉભી છે અને પ્રભુજીના વચનો પ્રમાણે હજી ૧૮ હજાર વરસથી વધારે સમય સુધી અખંડ પણે ચાલુ રહેવાની છે. એ પાછળનું રહસ્ય શું છે ?

તીર્થંકર પ્રભુ શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી આ શાસનમાં એવા એવા ધુરંધરો જન્મ્યા...



સંયમ લઇને શાસનની શાનને સતત ઉંચી ને ઉંચી રાખવા માટે ભગીરથ પુરૂષાર્થ કર્યો... એમણે પોતાની શક્તિ કામે લગાડી વિવિધ ક્ષેત્રોમાં પરમાત્માના શાસનનો જયનાદ ગુંજતો રાખ્યો.

ભગવાન મહાવીર સ્વામી પછી ફક્ત બે પાટ પરંપરા સુધી જ કેવળજ્ઞાનનો દીવડો પ્રકાશ્યો... ફક્ત સાતમી પાટપરંપરા સુધી જ શ્રુતકેવળીઓ રહ્યા... ધીમે ધીમે જ્ઞાનનો દીવડો ઝાંખો થવા માંડ્યો પણ છતાં સ્થુલિભદ્ર... વજસ્વામી... સિદ્ધસેન દિવાકર... હરિભદ્રસૂરિ... હેમચંદ્રાચાર્ય આદિ અનેકાનેક મહાપુરૂષો થયા જેમની સંપૂર્ણ નોંધ આપવી પણ સંભવિત નથી. જેમણે સમયે સમયે વિશ્વમાં ધર્મ ભાવનાનો અને ધર્મના પ્રભાવનો ઉદ્યોત કર્યો છે.

જિનશાસનમાં ધર્મનો ઉદ્યોત કરનારા મહાપુરૂષોને પ્રભાવક કહેવામાં આવ્યા છે. આવા પ્રભાવકો અનેક પ્રકારના હોઇ શકે છે પણ અહીં એમના મુખ્ય આઠ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે. પ્રભાવકોમાં રહેલી વિશેષ શક્તિના આધારે આ વિભાગ કરવામાં આવ્યા છે.

पावयणी धम्मकही, वाईनिमित्तिओ तवस्सी य।
विज्ञा सिद्ध य कवि, अट्ठेव पभावगा भणिया ।।

આઠ પ્રકારના પ્રભાવક કહેવામાં આવ્યા છે.

ગુરુ ગુણોદય સંદેશ

સર્વ જીવો સાથે મૈત્રી, દુઃખીઓ સાથે કરૂણા,
ગુણીજનો પ્રત્યે પ્રમોદ, ધર્મહીન પ્રત્યે માધ્યસ્થતા
એ જ સુખી જીવનની ચાવી છે.





(૧) પ્રવચની (૨) ધર્મકથી (૩) વાદિ (૪) નિમિત્તિક (૫) તપસ્વી (૬) વિદ્યાનો જાણકાર (૭) સિદ્ધ અને (૮) કવિ.

### (૧) પ્રવચની -

**આઠ પ્રભાવિક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;**
**વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ.**
**ધન ધન શાસન મંડન મુનિવરા...**

આઠ પ્રકારના પ્રભાવકોમાં પ્રવચન પ્રભાવકનું સ્થાન અનોખું છે. આ પ્રભાવક વર્તમાનમાં ઉપલબ્ધ સર્વ આગમ શાસ્ત્રના જાણકાર અને પારગામી હોય છે. આ મહા પ્રભાવક બુદ્ધિશાળી વર્ગને પ્રતિબોધ પમાડવા સમર્થ હોય છે. એમની વાણી નય - નિક્ષેપ - તર્ક આદિથી યુક્ત હોય છે. આ વાણીની ઉંડી અસર શ્રોતાવર્ગ ઉપર થાય છે. તેથી ધર્મની શ્રદ્ધા અડગ બને છે. દર્શન શુદ્ધિ અને ચારિત્ર શુદ્ધિ વિના પ્રવચન પ્રભાવકતા પામી શકાતી નથી.

### (૨) ધર્મકથી -

**ધર્મકથી તે બીજો જાણીએ, નંદિષેણ પરિ જેહ;**
**નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ.**
**ધન ધન શાસન મંડન મુનિવરા..**



ધર્મકથા એ સદા સર્વદા આકર્ષક કળા છે. આ બાલવૃદ્ધ સહુ જીવોને ધર્મકથા પ્રિય હોય છે. ધર્મના વિવિધ વિષયો દ્વારા શ્રોતાને ધર્મના રંગે રંગીને ધર્મનો બોધ એમના હૃદય સુધી પહોંચાડવાની અદ્‌ભૂત કલા આ ધર્મકથી પ્રભાવકોની પાસે હોય છે. નાસ્તિકને આસ્તિક અને કઠોરને કોમળ બનાવવાની શક્તિ ધર્મકથામાં છે. નંદિષેણ જેવા ધર્મકથા પ્રભાવકોએ અનેક દુરાચારીઓને સાચા સદાચારના પાઠ ભણાવી સંયમ પંથના સફળ આરાધક બનાવ્યા હતા.

**(૩) વાદિ -**

**વાદિ ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લ વાદિ પરિ જેહ,**
**રાજદ્વારે રે જય કમલા વરે, ગાજંતો જિમ મેહ.**
**ધન ધન શાસન મંડન મુનિવરા..**

પ્રાચીન સમયમાં રાજાઓની રાજસભામાં વાદસભાઓ ગોઠવાતી હતી. વાદીઓ અને પ્રતિવાદીઓ પોતાના પક્ષને મજબૂત બનાવવા પ્રયાસ કરતા દલીલો કરતા. જે હારે એ જીતનારનું શિષ્યત્વ સ્વીકારતો. જીતનારનો જયજયકાર થતો. સર્વત્ર એના મતની પ્રશંસા થતી. એને અનેક લોકો અનુસરતા. મલ્લવાદિદેવસૂરિ, વૃદ્ધવાદિદેવસૂરી, વાદિદેવસૂરિ, આદિ અનેક મહાવાદિઓએ સમયે સમયે જિનશાસનની પ્રભાવના કરી છે.

**(૪) નિમિત્તિક -**

**ભદ્રબાહુ પરિ જેહ નિમિત્ત કહે; પરમત જીપણ કાજ;**
**તેહ નિમિત્તી રે ચોથો જાણીએ, શ્રી જિન શાસન રાજ.**
**ધન ધન શાસન મંડન મુનિવરા..**




નૈમિત્તિક એટલે પશુ-પક્ષીઓના અવાજ, સ્વપ્ન, ચોઘડીયા વિગેરેના આધારે શુભાશુભ ફળાદેશ આપનાર. ભદ્રબાહુસ્વામી અંતિમ શ્રુત કેવલી હતા સાથે સાથે મહાન નૈમિત્તિક પણ હતા. રાજપુત્રના અલ્પ આયુષ્યની... અને પડનાર મત્સ્યના સમય અને સ્થાનની સચોટ આગાહી કરીને જિન શાસનનો જયજયકાર કર્યો હતો. આવા નિમિત્તિકોને શાસન પ્રભાવક તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

**(૫) તપસ્વી -**

**તપ ગુણ ઉપર રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ**
**આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ.**
**ધન ધન શાસન મંડન મુનિવરા..**

તપ એ જિનશાસનના પ્રાણ છે. જૈનોની તપસ્યા ઘણી જ ઉગ્ર હોય છે. ચંપાશ્રાવિકાએ છ મહિનાના ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. જેથી અકબર-બાદશાહ જૈન શાસનથી પ્રભાવિત થયા હતા. અને અહિંસાના પાલક બન્યા હતા. તપથી રસનેન્દ્રિય ઉપર કાબુ મેળવી શકાય છે. કર્મ મલ દૂર થાય છે... આત્મ શક્તિનો વિકાસ થાય છે. આત્મા નિર્મળ બની અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટ થાય છે.

**(૬) વિદ્યાનો જાણકાર**

**છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો વળી, જિમ શ્રી વયર મુણીંદ.**

વિદ્યા પ્રભાવક વિવિધ પ્રકારની વિદ્યાઓના જાણકાર હોય છે. વિદ્યાના બળથી એમને શાસનદેવ દેવીઓ સહાયક બને છે. વિદ્યા અને દેવી સહાયતાના બળથી મહાત્માઓ ચમત્કારોનું સર્જન કરે છે. તેથી ઘણા રાજાઓ અને માનવીઓ જિન શાસનના આરાધક બને છે. વજસ્વામી, હેમચંદ્રાચાર્ય વિદ્યા




પ્રભાવક તરીકે પ્રસિદ્ધ છે.

**(૭) સિદ્ધ**

**સિદ્ધ સાતમો રે અંજન યોગથી, જિમ કાલિક મુનિચંદ**

અંજન, ચૂર્ણ, લેપ, ગુટિકા આદિ દ્વારા અનેક સિદ્ધ પુરૂષો અદ્‌ભૂત પ્રયોગો દેખાડે છે. અસંભવિત દેખાતી ચમત્કારીક ઘટનાઓ કરી બતાવે છે. જેથી એમની શક્તિ જોઇને આશ્ચર્યમુગ્ધ બનેલા લોકો ધર્મ તરફ આકર્ષાય છે. ધર્મ આરાધનામાં જોડાય છે. પાદલિપ્તસૂરિ, કાલિકમુનિ આદિ એ માટે પ્રસિદ્ધ છે.

**(૮) કવિ**

**કાવ્ય સુધારસ મધુરા અર્થ ભર્યા, ધર્મ હેતુ કરે જેહ**
**સિદ્ધસેન પર નરપતિ રીઝવે, અહમવર કવિ તેહ.**

બીજાને પ્રતિબોધ પમાડવા માટે જેની પાસે ધર્મની વિશિષ્ટ કાવ્ય રચનાઓ માટેની શક્તિ હોય છે. એમને કવિ પ્રભાવક કહેવામાં આવે છે. આવા કવિઓની વાણીમાં એવી મધુરતા અને પ્રભાવકતા હોય છે જેથી સામાન્ય વ્યક્તિ આનંદ પામે છે. ધર્મ તરફ ખેંચાય છે. આવા કવિવર્યો રાજા અને પ્રજાને ધર્મ માર્ગે વાળવામાં સફળ પુરવાર થાય છે.

**જબ નવિ હોવે પ્રભાવિક એહવા, તવ વિધિ પૂર્વ અનેક;**
**જાત્રા, પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવિક છે ક...**

જ્યારે ઉપરોક્ત પ્રભાવક ન મળે ત્યારે વિધિ પૂર્વક છ'રિ પાલિત સંઘ, તીર્થયાત્રાઓ એવં



પ્રભુભક્તિ પ્રમુખ મહોત્સવો આદિના આયોજનો પણ શાસન પ્રભાવનાના નિમિત્ત કારણ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

**પરંતુ આપણે કેવા સદ્‌ભાગી છીએ, કે આપણને તપ પ્રભાવક ગચ્છાધિપતિ મળ્યા છે.**

આદિનાથ પ્રભુથી ચાલ્યો આવતો આ તપનો અણમોલ વારસો જિનશાસને આજે પણ જાળવી રાખ્યો છે એટલું જ નહિં ગૌરવ લઈ શકાય એવી રીતે સાચવ્યો છે. આજે પણ સમ્યગ્ તપની સાધના કરીને જીવો ઈષ્ટ ફળની સિદ્ધિ... લબ્ધિ... સદ્‌ગતિ અને પરંપરાએ મુક્તિ મેળવવામાં સદ્‌ભાગી બની રહ્યા છે. વાસનાને બાળનાર, વિઘ્નોને હરનાર... નિકાચિત કર્મોનો પણ ક્ષય કરનાર... તપ તપનાર જિનશાસનના મહાન તપ પ્રભાવકોમાંથી કેટલાકને આપણે જાણીએ –

✻ આદિનાથ ભગવાને દિક્ષા લઈ તરત જ અંતરાય કર્મના ઉદયે ૧૩ મહિના અને ૧૦ દિવસના ઉપવાસ કર્યા હતા.

✻ શ્રી શાંતિનાથ ભગવાનના જીવે વજાયુદ્ધ ચક્રવર્તીના ભવમાં ૧ વરસના ચઉવિહારા ઉપવાસ કર્યા હતા.

✻ શ્રી મહાવીરસ્વામીના જીવે નંદનરાજકુમારના ભવમાં ૧૧ લાખ ૮૦ હજાર છસો પિસ્તાલીસ માસક્ષમણ કર્યા હતા.

✻ શ્રી બાહુબલીજીએ એક વરસના ચોવિહારા ઉપવાસ કર્યા હતા.

✻ શ્રી ચંદ્રકેવલીએ (ચંદનશેઠે) ઉત્કૃષ્ટ વર્ધમાન તપની આરાધના કરી હતી.

✻ મહાસતી સુંદરીએ બે કરોડ, ઓગણીસ લાખ, સાઇઠ હજાર આયંબીલ





કર્યા હતા.

✲ શ્રી સનત્ ચક્રવર્તીએ સાતસો વરસનું મહાન વીર તપ કર્યું હતું.

✲ શ્રી વિષ્ણુકુમાર મુનિએ છ હજાર વરસ સુધીનું તપ કર્યું હતું.

✲ શ્રી વસુદેવરાજાએ (પૂર્વભવમાં) નંદીષેણ મુનિના ભવમાં ચોપ્પન હજાર વરસ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરી હતી.

✲ શ્રી કૃષ્ણ મહારાજાના ભાઈ બલભદ્રમુનિએ એકસો પંદર વરસ અને છ મહિના સુધી અખંડ તપ સાધના કરી હતી.

✲ શ્રી કૃષ્ણના પુત્ર ઢંઢણમુનિએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા.

✲ અનંત લબ્ધિ નિધાન ગૌતમસ્વામીએ ત્રીસ વરસ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠની તપસ્યા કરી હતી.

✲ શ્રી ધન્ના કાકંદીએ યાવજ્જીવન સુધી છઠ્ઠના પારણે આયંબીલ કર્યા હતા.

✲ શ્રી ધન્ના - શાલિભદ્રજીએ બાર વરસ અને છ મહિના સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી હતી.

✲ શ્રી જંબુસ્વામીના જીવે પૂર્વના શિવકુમારના ભવમાં બાર વરસ અને છ મહિના સુધી છઠ્ઠના પારણે આયંબીલ તપની આરાધના કરી હતી.

✲ શ્રી વીરાચાર્યે યાવજ્જીવનસુધી અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ કરી હતી.

✲ શ્રી ચંપાશ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા.

આવા અનેક મહાત્માઓએ જીવનમાં સુંદર તપ ધર્મની આરાધના કરી છે. જિન શાસનના મહા



તપસ્વીઓની યાદિમાં પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નું નામ જોડાયું છે. આજે તેઓ પચાસ વરસીતપ પૂર્ણ કરી રહ્યા છે. સુવર્ણ વરસીતપ મહોત્સવ ઉજવાઇ રહ્યો છે.

અપ્રતિમ તપથી એમણે સાધુપદ, ઉપાધ્યાય પદ અને આચાર્યપદને વધારે ને વધારે શણગાર્યું છે કારણ તપ એ સંયમનો શણગાર છે. અખંડ તપથી પરમ કર્મ નિર્જરા થાય છે. **પૂજ્યપાદ તપસ્વીરત્ન ગચ્છાધિપતિનું નામ જિનશાસનના તપ પ્રભાવકોમાં સૂવર્ણાક્ષરે અંકિત થઇ ગયું છે.**

સંપત્તિનો રાગી નોટોના બંડલ ગણ્યા કરે...

ક્રિકેટ રસિક રનની ગણત્રી કર્યા કરે...

બોલર વિકેટોની ગણત્રી કરતો રહે...

રસનેન્દ્રિયનો રસિયો વાનગીઓને ગણતો રહે...

વિદ્યાર્થી એક-એક માર્કને જોડતો રહે...

એવી રીતે તપ રસિક આત્મા તપને જ સફળતા માનીને એની જ પાછળ લાગેલો હોય છે. રસનેન્દ્રિયને ઇન્દ્રિયોનો રાજા કહેવામાં આવ્યો છે. રસનેન્દ્રિય જીતાય તો બાકીની ચાર ઇન્દ્રિય જીતેલી જ છે. આજના સમયે ચારે બાજુ આહાર સંજ્ઞાનું જોર જોવા મળે છે. એવા સમયે વિરલ આત્માઓ આહાર સંજ્ઞાને જીતીને અણહારી પદ માટેની સાધના કરતો હોય છે. ખાવાની લપમાંથી આત્માને મુક્ત કરવા તપની અનોખી સાધનામાં જાતને જોડી દેતા હોય છે.

એવી જ એક વિરલ વિભુતિ છે તપસ્વીરત્ન... પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીને કોઇ સમારંભ કાર્યક્રમનું આયોજન કરીને કોઇ સંસ્થા કે વ્યક્તિ માન-સન્માન-બહુમાન કરવા કે કરીને તપસ્વીરત્નની



પદવી નથી આપી પણ એમના જીવનની અજબ - ગજબની તપ ધર્મની ઉપાસના જોઇને ભક્તોના મસ્તકો તપના ચરણોમાં ઝૂકી ગયા છે... એમના પ્રત્યે હૈયામાં અપૂર્વ પ્રેમ - લાગણી અને ભક્તિ ઉછળી છે... ભક્ત વર્ગના અંતરમાંથી ઉદ્‌ગાર નિકળી ગયા છે...''તપસ્વીરત્ન''ના અને ખરેખર છેલ્લા પચાસ વરસથી એક ધારી અખંડ તપ સાધના એમના જીવનમાં માણવા મળે છે. ૧૦૦૦૦થી વધારે ઉપવાસ એમના જીવનમાં તેઓ શ્રી કરી ચૂક્યા છે. આપણને અશક્ય લાગતી સાધના એમના માટે સહજ બનેલી છે.

ઉપવાસ દરમ્યાન પણ શ્રી સંઘના કાર્યો... શાસન પ્રભાવનાના કાર્યો... પોતાની જપ - ભક્તિ સાધના સાથે વિહાર યાત્રા પણ ચાલુ જ હોય. પંચ્યાસી વરસની ઉંમરે પણ યુવાનોને શરમાવે એવી ગતિ અને કાર્યક્ષમતા આપણને જોવા મળે છે.

બાહ્ય તપની સાથે અભ્યંતર તપમાં સવિશેષ તપ પૂર્વક લક્ષ્ય પ્રત્યેની આગેકૂચ એમને અચૂક સિદ્ધિ આપશે. મનોવાંછિત પૂર્ણ કરી આત્માની સંપૂર્ણ નિર્મળતા પ્રાપ્ત થશે. કર્મ નિર્જરા માટે તપ ઉત્કૃષ્ટ સાધન છે. પ્રભુ આદિનાથ ભગવાનના અંતરાય કર્મોદયથી શાસનમાં પ્રસિદ્ધિ પામેલી વરસીતપની આરાધના આપશ્રીના સર્વ અંતરાય કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી અનંત અનંત ચતુષ્ટયની સત્વરે પ્રાપ્તિ કરાવે અને અમારા જેવા અનેકોના જીવનમાં તપના મંગલ દીવડા પ્રગટાવે એ જ પ્રભુ પ્રાર્થના.



દૂધમાં મિઠાસ ક્યારે ? ખાંડ દૂધમાં ભળે ત્યારે...
ભક્તિમાં મિઠાસ ક્યારે ? ભગવાનમાં ભળી જઇએ ત્યારે



અચલગચ્છાધિપતિ - તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.

## શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નાં

# ચાતુર્માસ ક્ષેત્ર

જે જે ક્ષેત્રના પુણ્ય ખીલ્યા... ત્યાં ત્યાં ગુરૂદેવના પગલા પડ્યા... જ્યાં જ્યાં ગુરૂદેવના પગલા પડ્યા... ત્યાં ત્યાં તપ - જપ - આરાધનાના યજ્ઞ મંડાયા... ત્યાં ત્યાં પુણ્યના ઢગલા થયા... આધિ - વ્યાધિ - ઉપાધિ દૂર થઇ... સમાધિ સહુને મળી... સંસારના તાપ - સંતાપ શમ્યા અને સહુએ પરમ શીતલતાના અનુભવ કર્યા... આવા બડભાગી ચાતુર્માસિક લાભ લેનાર શ્રી સંઘોની - નગર યાદિ.

(૧) ૨૦૧૪ - "પાલાગલી"
(૨) ૨૦૧૫ - વીઢ
(૩) ૨૦૧૬ - કોડાય
(૪) ૨૦૧૭ - મેરાઉ
(૫) ૨૦૧૮ - મેરાઉ
(૬) ૨૦૧૯ - મેરાઉ વિદ્યાપીઠ
(૭) ૨૦૨૦ - મેરાઉ વિદ્યાપીઠ
(૮) ૨૦૨૧ - ગોધરા
(૯) ૨૦૨૨ - મોટા લાયજા
(૧૦) ૨૦૨૩ - નાગલપુર
(૧૧) ૨૦૨૪ - શેરડી
(૧૨) ૨૦૨૫ - ભુજપુર
(૧૩) ૨૦૨૬ - બીદડા
(૧૪) ૨૦૨૭ - મોટા આસંબીયા
(૧૫) ૨૦૨૮ - ગઢશીશા
(૧૬) ૨૦૨૯ - દેઢીયા
(૧૭) ૨૦૩૦ - નાગલપુર વિદ્યાપીઠ
(૧૮) ૨૦૩૧ - બીદડા
(૧૯) ૨૦૩૨ - બાડમેર
(૨૦) ૨૦૩૩ - કોઠારા તીર્થ
(૨૧) ૨૦૩૪ - ઘાટકોપર
(૨૨) ૨૦૩૫ - ચીંચબંદર
(૨૩) ૨૦૩૬ - મુંલુંડ (વેસ્ટ)
(૨૪) ૨૦૩૭ - કોટડા (રોહા)
(૨૫) ૨૦૩૮ - નાગલપુર-વિદ્યાપીઠ
(૨૬) ૨૦૩૯ - રાયધણજર
(૨૭) ૨૦૪૦ શેરડી
(૨૮) ૨૦૪૧ - કોઠારા તીર્થ
(૨૯) ૨૦૪૨ - ૭૨ જિના. તીર્થ
(૩૦) ૨૦૪૩ - ૭૨ જિના. તીર્થ
(૩૧) ૨૦૪૪- ૭૨ જિના. તીર્થ
(૩૨) ૨૦૪૫ - ૭૨ જિના. તીર્થ
(૩૩) ૨૦૪૬ - રતાડીયા-ગણેશવાલા
(૩૪) ૨૦૪૭ - ૭૨ જિના. તીર્થ
(૩૫) ૨૦૪૮ - ૭૨ જિના. તીર્થ
(૩૬) ૨૦૪૯- ૭૨ જિના. તીર્થ
(૩૭) ૨૦૫૦ - કોટડા (રોહા)
(૩૮) ૨૦૫૧ - ૭૨ જિના. તીર્થ
(૩૯) ૨૦૫૨ - ૭૨ જિના. તીર્થ
(૪૦) ૨૦૫૩ - કાંડાગરા
(૪૧) ૨૦૫૪ - નાંગલપુર
(૪૨) ૨૦૫૫ - ૭૨ જિના. તીર્થ
(૪૩) ૨૦૫૬ - ડુમરા
(૪૪) ૨૦૫૭ - માટુંગા
(૪૫) ૨૦૫૮ - જોગેશ્વરી
(૪૬) ૨૦૫૯ - બિદડા
(૪૭) ૨૦૬૦ - ઘાટકોપર
(૪૮) ૨૦૬૧ - મુલુંડ
(૪૯) ૨૦૬૨ - ગઢશીસા
(૫૦) ૨૦૬૩ - પાલીતાણા તીર્થ
(૫૧) ૨૦૬૪ - સુથરી તીર્થ
(૫૨) ૨૦૬૫ - ગુણોદયતીર્થધામ સોનગઢ
(૫૩) ૨૦૬૬ - ગોધરા
(૫૪) ૨૦૬૭ - નાના આસંબીયા
(૫૫) ૨૦૬૮ - વર્ધમાન નગર
(૫૬) ૨૦૬૯ - કેશવજી નાયક ધર્મશાળા, પાલીતાણા
(૫૭) ૨૦૭૦ - શ્રી ગઢશીસા
(૫૮) ૨૦૭૧ - શ્રી કચ્છી ભવન
(૫૯) ૨૦૭૨ - શ્રી ગુણોદયપુરમ્ - પાલીતાણા.



## આચાર્ય પદ ભક્તિ

**ધ્યાતા આચારજ, ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;**
**પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે...**

મહા સૂરિમંત્રને જપનારા...
શુભ ધ્યાન ધરનારા...
સારા પરિણામવાળા...

આચાર્ય ભગવંતનું પાંચ પ્રસ્થાનોથી ધ્યાન કરવાથી પ્રાણી પોતે આચાર્ય થાય છે.

આચાર્યના છત્રીસ ગુણોથી યુક્ત... પંચાચારનું સ્વયં પાલન કરનારા... અન્ય મુનિઓ પાસેથી પાલન કરાવનારા... જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલા દયામય સત્ય ધર્મનો શુદ્ધ ઉપદેશ આપનારા... નિરંતર અપ્રમત્ત દશામાં વર્તવાના લક્ષવાળા... ધર્મધ્યાનમાં સર્વદા લીન રહેનારા... ગચ્છના મુનિઓને સારણા... વારણા... ચોયણા... પડિચોયણા દ્વારા શિક્ષા આપનારા... પરમ પૂજ્યનિક પરમોપકારી આચાર્ય ભગવંતની દ્રવ્ય અને ભાવથી ભક્તિ કરવી જોઇએ.



દૂધમાં લીંબુનો રસ ભળે તો બગડી જાય...
જીવનમાં વિકથા ભળે તો બગડી જાય





## પંચ પ્રસ્થાન આરાધના

મહાસૂરિમંત્રને જપનારા... શુભધ્યાન ધરનારા... સારા પરિણામવાળા આચાર્ય મહારાજનું પાંચ પ્રસ્થાનોથી ધ્યાન કરવાથી પ્રાણી પોતે આચાર્ય થાય છે.

પાંચ પ્રસ્થાનોના નામ અને અર્થ નીચે પ્રમાણે છે.

❊ **વિદ્યાપીઠ :-** તેનો મંત્ર બાર પદનો, વર્ધમાન વિદ્યા પ્રમુખ સૂરિમંત્ર સવાકોટિ જાપપૂર્વક સાધતો કોટિ શ્રુતનો જાણ થાય છે.

❊ **સૌભાગ્યપીઠ :-** તેજ પૂર્વોક્ત મંત્ર વિધિપૂર્વક આરાધતાં સર્વ જનોને વલ્લભ આદેય વચન સૂરીશ્વર થાય છે.

❊ **લક્ષ્મીપીઠ :-** તે તેજ મંત્રને આરાધતા રાજાદિ વશ થાય છે.

❊ **મંત્રરાજ પ્રયોગ પીઠ :-** આ મંત્રની આરાધના કરતાં સર્વ ઈતિ-ઉપદ્રવ-કામણ-વશ થાય છે.

❊ **સુમેરૂપીઠ :-** આ મંત્ર આરાધનાથી સાધક ઈન્દ્રાદિકને માન્ય થાય છે. ગૌતમસ્વામી જેમ લબ્ધિવંત થાય છે. અજય હોય છે.

## માયાને જીતવાનો મુખ્ય ઉપાય (આચાર્ય પદ)

(આચાર્ય પદ) ''નમો આયરિયાણં'' આ પદથી માયાચાર દૂર થાય છે. પ્રાપ્ત શક્તિને ગોપવી અર્થાત્ તેનો સદ્ઉપયોગ ન કરવો તે માયાચાર કહેવાય છે. સદાચારની ક્રિયાઓમાં સંલગ્ન રહેતા ભાવાચાર્યો પોતાનું બળ જરા પણ ગોપવતા નથી. આચાર્યપદને નમવાથી શક્ય ક્રિયાઓમાં પરાક્રમ ફોરવવાનું બળ આવે છે અને તેથી માયાચાર નામનો દોષ ટળે છે. માયા ટળે એટલે સરળતા નામનો ગુણ પ્રગટે છે.

## સુવર્ણ વર્ષીતપારાધક, જિનશાસન વરિષ્ઠ આચાર્ય, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

## શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૫૦ મા વર્ષીતપ નિમિત્તે પ્રકાશિત પુષ્પો [ગ્રંથો]











































**સુવર્ણ વર્ષીતપારાધક, જિનશાસન વરિષ્ઠ આચાર્ય, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.**
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના ૫૦ મા વર્ષીતપ નિમિત્તે ટુંક સમયમાં પ્રકાશિત થનાર આગામી પ્રકાશનો**

